FRIDAY
૨૯-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૧
અંક : ૯૭
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત
COMMING SOON
ગુજરાતનાં સીમાડા વટાવી ચક્રવાત હવે મહારાષ્ટ્ર માં..
ટૂંક સમયમાં
" ચક્રવાત " મુંબઈ આવૃત્તિનો ભવ્ય શુભારંભ..

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂ. ૪

### બજેટ સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિ બંન્ને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કરી સરકારની ભાવિ યોજનાઓનો ચિતાર આપશે

# બજેટ સત્રનો શુભારંભ : લોકોની અપેક્ષાઓ પર દાવ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૮

આવતીકાલથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ સત્ર દરમિયાન વિપક્ષે સરકારને વિવિધ મુદ્દે ઘેરવાની પૂરી તૈયારી કરી લીધી છે. દેશની રાજધાનીમાં નવા કૃષિ કાયદાના વિરોધમાં છેલ્લા ૨ મહિનાથી ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. કૃષિ કાયદા અમલમાં આવ્યા ત્યારથી વિપક્ષો પણ સતત સરકાર પર આંકરા પ્રહાર કરી રહ્યા છે. તેવામાં કાલથી શરુ થતા બજેટ સત્રમાં હવે સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી લીધી છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષ તરફથી નવા કૃષિ કાયદા, ચીન અને કોરોના સંકટ અને કથડતી અર્થવ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી છે. આ તમામ મુદ્દા પર વિપક્ષના પ્રશ્નોના જવાબ સરકારે આપવા પડશે. આ સત્ર દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજુ કરવાના છે.

બજેટ સત્ર શરુ થાય તે પહેલા આ મામલે વિપક્ષી નેતાઓએ સરકારને કેવી રીતે ઘેરવી તે મામલે રણનીતિ ઘડવા એક વીડિયો કોન્ફરન્સ પણ કરી હતી. બજેટ સત્રના પહેલા જ દિવસે એટલે કે શુક્રવારે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, રાજેડી, શિવસેના, આમ આદમી પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહિતની વિપક્ષી પાર્ટી સંયુક્ત રીતે મોદી સરકારનો વિરોધ કરવા સહમત થઈ છે. વિપક્ષના એક



નેતાએ તો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ભાષણનો પણ બહિષ્કાર કરી દેવાનું સુચન કર્યું છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સંસદનું સત્ર ૨૯ જાન્યુઆરી અને શુક્રવારથી શરુ થશે અને ૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. અર્થવ્યવસ્થાની બાબતે પહેલાથી જ ઘેરાઈ ચુકેલી




**બજેટ ૧લી ફેબ્રુઆરીએ રજૂ થશે, સત્ર દરમિયાન કિસાન આંદોલન, ભારત-ચીન વિવાદ, કોરોના સંકટ, અર્થવ્યવસ્થા, વોટસએપ ચેટીંગ સહિતના મુદ્દાઓ ગરમાગરમી લાવશે**

સરકાર માટે આ બજેટ સત્ર સરળ નહીં હોય. પરંતુ સૌથી મોટી સમસ્યા સરકાર માટે નવા કૃષિ કાયદા બની શકે છે. ખેડૂતો અને સરકાર વચ્ચે જે સંગ્રામ ચાલી રહ્યો છે તે બજેટ સત્રમાં પણ સરકારને નડતરરૂપ બનશે તેવું લાગે છે. આ ઉપરાંત કોરોનાના કારણે અર્થવ્યવસ્થાને જે ફટકો પડ્યો છે તેને સુધારવું પણ સરકાર માટે સંકટ છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સીપીઆઈએમ પ્રમુખ સીતારામ યેચુરી અને કેટલાક અન્ય વિપક્ષી નેતાઓના સંપર્કમાં છે. આ સાથે જ સોનિયા ગાંધીએ મજદૂર કિસાન શક્તિ સંગઠનના નિખિલ ડેને પત્ર લખી અને આશ્વાસન આપ્યું છે કે સંસદમાં સૌથી પહેલા કોંગ્રેસ ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવશે. વિપક્ષ ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાને રદ કરવા માંગ કરશે.

આ અંગે સૂત્રોના જણાવ્યાનુસાર વિપક્ષી નેતાઓ એવો દાવો પણ કરે છે કે ભાજપ્રા સહયોગી નથી તેવા તમામ પક્ષ આ બજેટ સત્રમાં મોદી સરકાર વિરુદ્ધ એકજૂટ થઈ વિવિધ મુદ્દે સરકારને ઘેરશે. આ અંગે તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયને કહ્યું હતું કે તેમની બેઠક હજુ મળી નથી. પરંતુ તેમની કાર્યયોજના તૈયાર થઈ ચુકી છે.

### રાષ્ટ્રપતિના ભાષણનો બહિષ્કાર કરશે કોંગ્રેસ

શુક્રવારથી શરૂ થઇ રહેલ સંસદના બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બંને ગૃહોને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિના અભિભાષણનો કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, અકાલી દળ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહીત ૧૬ પાર્ટીઓ બહિષ્કાર કરશે. આ તમામ પાર્ટીઓ તરફથી નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે જણાવ્યું છે કે અમે તમામ ૧૬ રાજકીય પક્ષો એક નિવેદન જાહેર કરી રહ્યાં છીએ કે અમે રાષ્ટ્રપતિના અભિભાષણનો બહિષ્કાર કરી રહ્યા છીએ. જે આવતી કાલે સંસદમાં આપવામ આવશે. આ નિર્ણય પાછળ મુખ્ય કારણ એ છે કે ત્રણ કૃષિ કાયદાઓને વિપક્ષ સાથે ચર્ચા કર્યા વગર સંસદમાં જબરદસ્તી પસાર કરી દેવામાં આવ્યા છે.

## ભરપૂર ખાઈશ અને બેફામ ખાવા દઈશ...

# ભ્રષ્ટાચારી દેશોની યાદીમાં ૮૬મા ક્રમે ભારત

**ભ્રષ્ટાચાર સંદર્ભે ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલ દ્વારા રિપોર્ટ બહાર પડાયો**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૮

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા હાલમાં થયેલા ભ્રષ્ટાચાર સંદર્ભે પર્સેપ્શન ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે. સંસ્થાએ જણાવ્યું છે કે તેમણે ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા ઉઠાવેલા પગલાઓના આધારે વિશ્વના ૧૮૦ દેશોની રેકિંગ તૈયાર કરી છે. આ રેકિંગમાં ભારત ૮૬મા ક્રમે છે. તેવી રીતે પાડોશી દેશ ચીન ૭૮માં, પાકિસ્તાન ૧૨૪માં અને બાંગ્લાદેશ ૧૪૬માં સ્થાને છે.

દર વર્ષે વિશ્વના દેશોનું કૌભાંડ પર ઈન્ડેક્સ તૈયાર કરનાર આંતરરાષ્ટ્રીય સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે ચાલું વર્ષે કોવિડ ૧૯ મહામારી સામે મુકાબલો કરતી વખતે થયેલા ભ્રષ્ટાચાર પર વિશેષ જોર આપ્યું છે. આ માપદંડમાં બાંગ્લાદેશ એકદમ છેલ્લે પછડાયું છે. સંસ્થાના અધ્યક્ષ ડેલિયા ફેરેરા રુબિઓએ જણાવ્યું કે, "કોવિડ -૧૯ માત્ર સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ જ નથી. તે ભ્રષ્ટાચારનું સંકટ પણ છે જેનો આપણે હાલમાં સામનો કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છીએ. રુબિઓએ વધુમાં જણાવ્યું કે, ગત વર્ષે સરકારોની જે પરીક્ષા થઈ, તે પહેલા ક્યારેય થઈ નથી. ઉચ્ચ કક્ષાએ ફેલાયેલા ભ્રષ્ટાચારને કારણે પડકારોનો સામનો કરવામાં વામળા સાબિત થયા છીએ. પરંતુ જે લોકો ભ્રષ્ટાચાર પર્સેપ્શન ઈન્ડેક્સમાં ટોચ પર છે, તેઓએ પણ પોતાના દેશ અને વિદેશમાં ભ્રષ્ટાચારને હરાવવા માટે ઝડપી અને અનિવાર્ય ભૂમિકા ભજવવી પડશે.

# દક્ષિણ આફ્રિકાના કેમરૂનમાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માત : ૫૩ લોકોના મોત, ૨૧ ઘાયલ

(જી.એન.એસ.)કેમરૂન,તા.૨૮

મધ્ય આફ્રિકાના કેમરૂનમાં એક ગમખ્વાર અકસ્માત નડ્યો છે. મધ્ય આફ્રિકાના કેમરૂનમાં માર્ગ અકસ્માતમાં ૫૩ના મોત થયા હોવાની માહિતી સામે આવી રહી છે, સાથે ૨૧ લોકો ઘાયલ થયા હોવાની પણ માહિતી છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ગેરકાયદે ઈંધણ લઈ જતી ટ્રકે બસને ટક્કર મારતા આ ગમખ્વાર અકસ્માત



નડ્યો છે. અકસ્માત બાદ બંને વાહનમાં આગ ફાટી નીકળી હતી, અને ૫૩ના મોત થયા છે.

કેમરૂનમાં બુધવારે એક બસ અને ટ્રકની ટક્કરમાં ઓછામાં ઓછા ૫૩ લોકોના મોત થયા છે, જ્યારે ૨૧ અન્ય ઘાયલ થયા છે. અધિકારીઓએ આ ઘટના વિશે જાણકારી આપી છે. અધિકારીઓએ જણાવ્યું કે બસ મધ્ય આફ્રિકાના પશ્ચિમી ભાગ (કેમરૂન)માં અકસ્માત થયો છે. તેમણે જણાવ્યું કે આ દુર્ઘટના ત્યારે બની જ્યારે ગેરકાયદે ઈંધણ લઈ જતી ટ્રકે બસને ટક્કર મારતા આ ગમખ્વાર અકસ્માત નડ્યો છે.

ચક્રવાત દૈનિક
સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે "ચક્રવાત"
વાર્ષિક લવાજમ માત્ર
રૂપિયા ૧૨૦૦/-



આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
સાગરભાઈ
મો.૯૧૦૬૬૧૭૮૬૭

# પશ્ચિમ બંગાળ વિધાનસભામાં કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પસાર

**મોદી સરકાર ત્રણ કૃષિ કાયદા પરત લે અથવા વડાપ્રધાન પદ છોડે: મમતા**

(જી.એન.એસ)કોલકાત્તા,તા.૨૮

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પાસ કર્યો છે. લેફ્ટ અને કોંગ્રેસે સપોર્ટ કર્યો હતો. મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. મમતાએ કહ્યુ કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ત્રણ કૃષિ કાયદા પરત લે અથવા વડાપ્રધાન પદ છોડે.

કેન્દ્ર સરકાર તરફથી પસાર ત્રણ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ પાસ કરાવવા માટે બંગાળ વિધાનસભાના બે દિવસીય સત્રના બીજા અને અંતિમ દિવસે મુખ્યમંત્રીએ આ વાત કહી હતી. મમતા બેનરજીએ દિલ્હીના લાલ કિલ્લા પર વિવાદને કેન્દ્ર સરકારની નિષ્ફળતા ગણાવી હતી. તેમણે કહ્યુ કે જ્યાર સુધી આ ત્રણ કૃષિ કાયદા પરત નથી લેવામાં આવતા, દેશભરમાં આંદોલન ચાલતા રહેશે, તેમણે કહ્યુ કે જો આ બિલ લાગુ થઈ ગયુ અને અમલમાં આવી ગયુ તો દેશમાં ખાદ્યાન્ન સંકટ ઉભુ થઈ જશે. લોકો દાણા-દાણા માટે તરસશે.

મમતા બેનરજીએ વિધાનસભામાં કહ્યુ કે કેન્દ્રમાં આ સમયે લુટારા અને ડાકુની સરકાર છે. મમતાએ કહ્યુ કે જો

**કેન્દ્રમાં લુટારા અને ડાકુની સરકાર, સરકાર દેશના તમામ ખેડૂતોનું દેવું માફ કરેઃ બેનર્જી**

કોર્પોરેટ કંપનીઓના દેવા માફ થઈ શકે છે તો તમામ ખેડૂતોના દેવા કેમ માફ નથી થતા. મમતા બેનરજીએ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર દેશના તમામ ખેડૂતોનું દેવુ માફ કરે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કૃષિ કાયદા વિરૂદ્ધ ચાલી રહેલા પ્રદર્શન અને વિવાદને ખતમ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વદળીય બેઠક બોલાવવાની માંગ કરી છે.

# ૭૦૦૦ કિ.મી. ની સફર કાપી ભારતમાં પહોંચ્યા વધુ ત્રણ રાફેલ

(જી.એન.એસ.)અંબાલા,તા.૨૮

ફ્રાન્સમાંથી ૭૦૦૦ કિ.મી.નો નોન-સ્ટોપ પ્રવાસ ખેડીને વધુ ત્રણ રફાલ ફાઈટર જેટ વિમાન ભારતમાં ભારતીય હવાઈ દળના એક મથક ખાતે લેન્ડ થઈ ચૂક્યા છે. ભારતીય હવાઈ દળે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. આ સાથે ભારતને ફ્રાન્સ તરફથી અત્યાર સુધીમાં કુલ ૧૧ રફાલ વિમાન પ્રાપ્ત થયા છે, જે અણુબોમ્બ લઈ જવા માટે પણ સક્ષમ છે. આ વિમાનોની કોમ્બેટ રેન્જ ૭૮૦ કિ.મી.થી લઈને ૧,૬૫૦ કિ.મી. સુધીની છે.ત્રણ વિમાનનો બીજો જથ્થો ગયા વર્ષની ૩ નવેમ્બરે ભારત પહોંચાડવામાં આવ્યો હતો.

# મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દો : કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી

(જી.એન.એસ.)બેંગ્લુરૃ,તા.૨૮

મહારાષ્ટ્ર મરાઠી બહુમતી ધરાવતા કર્ણાટકના જે વિસ્તારને પોતાનો બનાવવાની માગણી કરતી વખતે એને કેન્દ્રશાસિત કરી દેવાનું કહે છે એની સામે કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન લક્ષ્મણ સાવડીએ મહાનગર મુંબઈને કેન્દ્ર શાસિત બનાવી દેવાની હાકલ કરી હતી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કર્ણાટકના વિવાદગ્રસ્ત વિસ્તારને કેન્દ્રશાસિત કરી દેવાની માગણી કરી હતી. એના પ્રત્યાઘાત રૂપે સાવડીએ મુંબઈને કેન્દ્રશાસિત કરી દેવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે મુંબઈને કર્ણાટકમાં ભેળવી દેવું જોઈએ એવી માગણી કર્ણાટકમાં થઈ રહી હતી. ઉદ્ધવે મહારાષ્ટ્ર-કર્ણાટક વિવાદ વિશેના એક પુસ્તકનું લોકાર્પણ કરતાં કહ્યું હતું કે કર્ણાટક વિવાદાસ્પદ વિસ્તારના મરાઠીભાષી લોકો સાથે અન્યાય કરે છે. આ વિસ્તારને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દેવો જોઈએ. એના જવાબમાં સાવડીએ કહ્યું કે મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવો જોઈએ. મુંબઈ લાંબો સમય કર્ણાટકનો એક હિસ્સો રહ્યું હતું. મુંબઈ કર્ણાટકમાં ભેળવી દો અને એ પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરી દો. હાલ વિવાદાસ્પદ વિસ્તાર અંગે સુપ્રીમ કોર્ટમાં એક કેસ ઊભો છે. ઉદ્ધવે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી જાય ત્યાં સુધી વિવાદગ્રસ્ત વિસ્તારને કેન્દ્રશાસિત જાહેર કરી દેવો જોઈએ.

# ષડયંત્રકારી દીપ સિદ્ધુની ખેડૂત નેતાઓને ધમકી

**હું જો તમારા પત્તા ખોલવાના શરૂ કરીશ તો દિલ્હીથી ભાગવાનો રસ્તો નહીં મળે**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૮

પ્રજાસત્તાક દિને દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન લાલ કિલ્લા પર હિંસા આચરીને નિશાન સાહિબ ધ્વજ લગાડનારા પંજાબી અભિનેતા દીપ સિદ્ધુની એક વિડિયો ક્લીપ ફરતી થઈ હતી જેમાં એ ખેડૂત નેતાઓને ધમકી આપી રહેલો જોઈ સાંભળી શકાતો હતો. લાલ કિલ્લા પર નિશાન સાહિબ ધ્વજ લગાડ્યા પછી નાસી ગયેલા દીપે ખેડૂત નેતાઓને એવી ધમકી આપી હતી કે તમે મને ગદ્દાર અને ભાજપનો એજન્ટ કહો છો પરંતુ હું મોઢું ખોલીશ તો તમે કોઈન મોઢું બતાવવા જેવા નહીં રહો...હું તમારી પોલ ખોલી નાખીશ તો તમને દિલ્હીથી નાસી જવાનો માર્ગ સુદ્ધાં નહીં મળે....

ખેડુત નેતાઓએ પોતાનો બચાવ કરતાં લાલ કિલ્લામાં થયેલા હિંસાચારના માસ્ટરમાઈન્ડ તરીકે દીપ સિદ્ધુનું નામ આપ્યું હતું. છેલ્લી સંસદીય ચૂંટણી વખતે દીપે અભિનેતા સની દેઓલ માટે પ્રચાર કર્યો હતો એ સમયની સની દેઓલ તથા વડા પ્રધાન સાથેની દીપની તસવીરો પણ ફરતી થઈ હતી. ખેડૂત નેતાઓએ દીપને ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો એજન્ટ ગણાવ્યો હતો અને એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપે ખેડૂતોને બદનામ કરવા માટે દીપનો ઉપયોગ કર્યો હતો.

# ગુજરાત પોલીસના ૧૯ કર્મચારીની વિશિષ્ટ પ્રસંશા મેડલ માટે પસંદગી













**અર્ચના શિવહરે, જે.આર. મોથાલિયા, આર.કે. પટેલ, આર.આર. સરવૈયા, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તથા એચ.એમ. ગઢવીને મેડલ અર્પણ કરાશે**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૮

પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્વારા જુદા જુદા ક્ષેત્રો સરકારી વિભાગમં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની કામગીરી સંદર્ભે પારિતોષિકો માટેની પસંદગી કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યનાં પોલીસ તંત્રમાં જુદા જુદા સ્થળોખાતે ફરજ બજાવતા અમલદાર-કર્મચારીઓને ૨ વિશિષ્ટ તથા ૧૭ પ્રસંશનીય સેવા મેડલ માટે પસંદ કરાયા છે. રાષ્ટ્રપતિ મેડલ વિજેતાઓમાં વિશિષ્ટ સેવા મેડલ માટે બી.એન.શાહ પોલીસ ઈન્સ્પેક્ટર (એમ.ટી.) અમદાવાદ શહેર તથા કે.જે. ચંદાના પો.ઈ. (વાયરલેસ) અમદાવાદ શહેરને પસંદ કરાયા છે. પ્રસંશનીય સેવા મેડલમાં અર્ચના શિવહરે (આઈ.પી.એસ.) તથા જે.આર. મોથાલીયા સરહદી વિસ્તારના ડી.આઈ.જી. ભૂજ ઉપરાંત ડી.વાય.એસ.પી. કક્ષાના આર.કે. પટેલ (બનાસકાંઠા), આર.આર. સરવૈયા સુરત શહેર, બી.ડી. માલી, વી.આર. સિલ્વા, આર.એલ. બારડ તથા કે.પી. પટેલનો સમાવેશ થાય છે. પ્રસંશાપાત્ર કામગીરી બદલના મેડલમાં પોલીસ ઈન્સ્પેકટરોમાં એચ.એમ. ગઢવી, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, જીતેન્દ્ર પટેલ, બળવંતભાઈ ગોહેલ તેમજ અન્ય કર્મચારીઓમાં કિરીટકુમાર જયસ્વાલ સબ ઈન્સ્પેક્ટર, હિંમતસિંહ બામણીયા હેડ કોન્સ્ટેબલ, યોગેન્દ્રસિંહ કોસડા હેડ કોન્સ્ટેબલ તથા નારણભાઈ પમ્પાણીયા કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

## સોનલધામ મઢડા ખાતે બનુ માના ૯૩માં જન્મદિવસે ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૮

સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે કેશોદ નજીક આવેલા સોનલ ધામ મઢડા ખાતે થોડા દિવસો પહેલા જ સોનલ બીજની સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી ત્યારે આજે સોનલ મા ની અખંડ જ્યોત જાગતી રાખનાર બનુ મા ના ૯૩ જન્મ દિવસે ભાવી ભક્તોએ દર્શન કરી મને આશીર્વાદ લીધા હતા.સોનલમા ના વચને બનુ મા એ પણ વ્યસનમુક્તિ અભિયાનનું બીડું ઝડપી વ્યસનમુક્તિ કરાવી હતી, પુરી શ્રધ્ધા અને આસ્થાથી માઁ ના દર્શન કરતા જ આંખના પલકારામાં આધિ, વ્યાધિ અને ઉપાધિ સહિત તમામ દુઃખો દૂર થાય છે .બનુ મા ના જન્મદિવસે દાદુભાઈ, ગિરીશ આપા



કંચન મા આશીર્વાદ લીધા લીધા હતા અને રાજુલા થી દર્શને આવેલાં સાગર ડાભિયા બનુ માની આરતી ઉતારી હતી અને ભક્તો પ્રસાદી આપી પોતે ધન્યતા અનુભવી હતી. વધુમાં જણાવ્યું હતું કે માં સોનલના ધામે આવતા સુખની સાચી અનુભૂતિ થયા છે અને માના શરણે શીશ નમાવવા લોકો દેશ વિદેશ થી આવે છે અને માં એમની મનોકામના પૂર્ણ કરે છે.

## ખંભાળિયા : શહિદ દિન નિમિતે આવતીકાલે બે મિનિટ મૌન પાળી શહિદવિરોનું ઋણ અદા કરવા અનુરોધ

ખંભાળિયા, તા.૨૮

શહીદ દિન નિમિતે શનિવાર તા.૩૦ મી ના રોજ ભારતના સ્વાતત્ર્ય સંગ્રામમાં શહિદ થનાર શહિદવિરોની સ્મૃતિમાં સવારે અગિયાર વાગ્યે બે મિનિટ મૌન પાળી, સમગ્ર રાષ્ટ્રના શહિદ વિરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ તમામ નાગરીકોને સવારે અગિયાર વાગ્યે સાયરન વાગે ત્યારે જે સ્થળે હોય ત્યાં કામકાજ કે વાહન વ્યવહાર સ્થગીત કરી, બે મિનિટ મૌન પાળી શહિદોને સન્માન આપવા જિલ્લાના નિવાસી અધિક કલેકટર કે.એમ. જાની દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

## ગીરગઢડાના થોરડી ગામની સાંગાવાડી નદીમાં મગરે પશુ ચરાવતા વૃધ્ધને પાણીમાં ખેચી જતા મોત

### મગરે ભેંસ પર હુમલો કરતા તેને બચાવવા જતાં વૃધ્ધને ખેચી ઉંડા પાણીમાં તાણી ગઇ

ચક્રવાત ટીમ ઊના, તા.૨૮

ગીરગઢડા તાલુકાના ગીર જંગલ બોર્ડને અડી આવેલ થોરડી ગામના માલધારી પશુ ચરાવતા હતા. એ વખતે નદીમાંથી મગર આવી ચડતા માલધારી વૃધ્ધનો પગ ચેખી પાણીમાં ખેચી લઈ જતાં મોત નિપજતા આ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયેલ છે. થોરડી ગામે રહેતા માલધારી ગોબરભાઈ ભગવાનભાઈ ગોહીલ ઉ.વ.૬૫ ગામ પાસે આવેલ સ્મશાન વિસ્તાર નજીક સાંગાવાડી નદી આસપાસ પોતાના



માલઢોર ચરાવતા હતા. એ વખતે ભેંસ નદીમાં પાણી પીવા ગયેલ ત્યારે અચાનક મહાકાય મગર નદીમાં આવી ચડતા પ્રથમ ભેંસ પર હુમલો કરતા તેને બચાવવા ગોબરભાઈ જતાં તેના પર મહાકાય મગરે હુમલો કરી નદીના ઉંડા પાણીમાં ખેચી લઈ જતાં મોત નિપજ્યુ હતું. આ મહાકાય મગરે તેના જડબામાં ગોબરભાઈનો પગ પકડી લીધેલ ત્યારે રાડારાડ કરતા આસપાસના લોકો બચાવવા દોડી ગયેલ પરંતુ મગરે ઉંડા પાણીમાં ખેચી લઈ જતાં વૃધ્ધનું મોત નિપજ્યુ હતું. આ બનાવની જાણ વનવિભાગને કરતા બાબરીયા રેન્જના વનવિભાગની ટીમ તાત્કાલીક દોડી ગયેલ હતી. અને નદીના પાણીમાંથી વૃધ્ધની શોધખોળ શરૂ કરતા બે કલાકની જહેમત બાદ મૃતદેહ મળી આવેલ હતો. અને મૃતદેહને પી એમ માટે ગીરગઢડા સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ છે. ગીર બોર્ડર પાસે આવેલ થોરડી ગામમાં રહેતા અને માલઢોર પશુઓને ચરાવી ધરનું ગુજરાન ચલાવતા વૃધ્ધ ગોબરભાઈને સંતાન ન હોય અને પરીવારમાં માત્ર પતિ-પત્નિ બન્ને રહેતા હોય અને બપોરના સાડા બાર વાગ્યે સાંગાવાડી નદીમાં મગરે ભેંસ પર હુમલો કરતા ગોબરભાઈ દોટ મુકી બચાવવા જતાં ગોબરભાઈના પગને જડબામાં દબોચી ઉંડા પાણીમાં ખેચી લઈ જઈ મોત નિપજતા આ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયેલ છે.

## વડાપ્રધાનની હાલારી પાઘડી સાંસદ પૂનમબેન માડમનું સૌપ્રથમ ટ્વિટ દેશભરમાં છવાયું

જામનગર તા.૨૮

જામનગર (હાલાર)ના કલ્ચરને માન આપી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હાલારી પાઘડી ધારણ કરી હોવાનું જણાવી સંસદસભ્ય પૂનમબેન માડમએ ટ્વિટરના માધ્યમથી ગૌરવ સાથે સંદેશો મૂક્યો હતો. પ્રજાસત્તાક પર્વના દિવસે વડાપ્રધાને હાલારી પાઘડી ધારણ કરી એ જામનગર અને ગુજરાત માટેની ગૌરવસમાન બાબતની જામનગર લોકસભાના સંસદ સભ્ય પૂનમબેન માડમએ સૌપ્રથમ ટ્વિટ કરી અને એ ટ્વિટ સમગ્ર ભારતભરની સાથે-સાથે દેશ-વિદેશમાં છવાઈ ગઈ હતી. હાલારી પાઘડી અંગેની આ ગૌરવરૂપ પ્રસંગની સોશ્યલ મીડિયા સહિત વિવિધ માધ્યમોએ સવિશેષ નોંધ લીધી હતી. ખાસ કરીને પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (પીટીઆઈ) એ પણ આ પાઘડી અંગેના અહેવાલમાં સંસદસભ્ય પૂનમબેન માડમના સૌથી પહેલા પોસ્ટ કરેલી આ ટ્વિટની નોંધ લીધી છે.

## ખંભાળિયામાં રવિવારે પોલીયો દ્વારા બાળકોને રક્ષિત કરાશે

ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયા તાલુકામાં આગામી રવિવાર તા. ૩૧ ના રોજ સરકાર દ્વારા સઘન બાળ લકવા નાબુદી અભિયાન શરૂ કરવામાં આવનાર છે. જેમાં નવજાત શિશુથી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલીયોની રસીના બે ટીપા આપી પોલીયોની બિમારી સામે રક્ષિત કરવામાં આવશે.આ પોલિયો રસિકરણ કાર્યક્રમમાં જિલ્લાના બાળકને પોલીયોની રસીના બે ટીપા પીવડાવવા નજીકના બુથ પર લઈ જવા તંત્ર દ્વારા અપિલ કરવામાં આવી છે. બાળક સાજુ હોય કે બિમાર હોય, ગામમાં હોય કે બહારગામ હોય, પોલીયોના બે ટીપા અવશ્ય પીવડાવવા અને બાળકને પોલીયોની બિમારીથી રક્ષિત કરવા જણાવાયું છે. પોલીયોના ટીપા પિવડાવવાથી ઝાડા, ઉલ્ટી, તાવ જેવી કોઈ આડઅસર થતી નથી. રવિવારના રોજ ગામની આંગણવાડી, શાળા, સરકારી દવાખાનામાં નિયત કરેલી જગ્યાઓ પર બાળકને પોલીયોના ટીપા પિવડાવવામાં આવશે. તેમ ખંભાળિયા તાલુકા આરોગ્ય અધિકારી ડો. મેહુલ જેઠવાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ઊનામાં જીલ્લા કોંગ્રેસ મંત્રી અને પાટીદાર અગ્રણી ભાજપમાં જોડાતા કોંગ્રેસને વધુ એક ઝટકો

ચક્રવાત ટીમ ઊના, તા.૨૮

ઊના તાલુકા કોંગ્રેસ પાર્ટીને વધુ એક આંચકો આપતા રાજકીય ધટના ક્રમમાં ગીર સોમનાથ જીલ્લા કોગ્રેસના મંત્રી અને પાટીદાર સમાજના અગ્રણી પૂરૂસોત્તમભાઈ જાગાણી કોંગ્રસ છોડી ભાજપનો ખેસ પહેરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. ગીરગઢડા તાલુકાના ફાટસર ગામના વતની અને ઉના તાલુકા ખરીદ વેચાણ સંધના પૂર્વ ડાયરેકટર પૂરૂષોત્તમભાઈ જાગાણીએ પૂર્વ ધારાસભ્ય અને ભાજપના ચાણક્ય નેતા કાળુભાઈ રાઠોડની સમજાવટથી કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. અત્રેએ ઉલ્લેખનિય છે કે આ અગાઉ કોંગ્રેસના જીલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યો તેમજ ઉના શહેર કોંગ્રેસ સમીતીના હોદેદારો ભાજપમાં જોડાયા બાદ આજે ગીર પંથકમાં કોંગ્રેસને આંચકો આપતા આ રાજકીય સમીકરણ બાદ કોંગ્રેસ પાર્ટીમાં સન્નાટો છવાઈ ગયો છે. અને આવનાર સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં કોંગ્રસ પાર્ટી માટે ઉમેદવાર શોધવા કઠીન સાબીત થઈ એ વાસ્તવિકતાને નકારી શકાય નહી.

## જામનગર જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા સેન્સ લેવાઈ

જામનગર તા.૨૮

જામનગર જિલ્લા, તાલુકા પંચાયતની તેમજ સિક્કા નગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ આગામી માસમાં યોજાનાર છે. જ્યારે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અન્વયે ગઈકાલે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ માટે કુલ ૨૧ નિરીક્ષકો દ્વારા તાલુકા મથકો તેમજ સિક્કામાં ગઈકાલે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠકો માટે ૧૨૪ દાવેદારોએ ટિકિટ મેળવવા પોતાની દાવેદારી નોંધાવી હતી. જ્યારે સિક્કા નગરપાલિકામાં ૨૮ બેઠક માટે ૭૪ લોકોએ ટિકિટ મેળવવા ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. તો તાલુકા પંચાયતની કુલ ૧૧૨ બેઠકો માટે ૪૧૩ દાવેદારોએ ટિકિટ મેળવવા ઈચ્છા વ્યક્ત કરી હતી. આ તમામને ગઈકાલે નિરીક્ષકો દ્વારા સાંભળવામાં આવ્યા હતાં. જેમાં ધ્રોલ તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે ૫૩ દાવેદારો, જોડિયાની ૧૬ બેઠકો માટે ૫૯ દાવેદારો, જામજોધપુરની ૧૮ બેઠકો માટે ૭૮ દાવેદારો, લાલપુરની ૧૮ બેઠકો માટે ૬૫ દાવેદારો અને જામનગરની ૨૬ બેઠકો માટે ૭૪ દાવેદારોએ તથા કાલાવડની ૧૮ બેઠકો માટે ૬૭ દાવેદારોએ પોતાનો દાવો રજૂ કર્યો હતો. આ તમામને નિરિક્ષકો દ્વારા સાંભળવામાં આવ્યા હતાં. હવે તેમના નામોની યાદી પક્ષના મોવડીઓને મોકલાશે અને પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આખરી પસંદગી જાહેર થશે.

## ત્રણ હજારની રકમ અંગે ધમકી આપતા યુવાને અગ્નિસ્નાન કર્યું

જામનગર,તા.૨૮

જામનગરના એક યુવાનને રૂા. ત્રણ હજારની બાકી રકમ આપી દેવાનું કહી બે શખ્સે ઘરે આવી માર માર્યા પછી ધમકી આપતા ડરી ગયેલા આ યુવાને અગ્નપછેડી ઓઢી છે. પોલીસે તેના નિવેદન પરથી ગુન્હો નોંધી આરોપીઓને ઉપાડી લીધા છે. જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા મોરકંડા રોડ પર રહેતા અને ડ્રાઈવિંગનું કામ કરતા આસિફ આમદભાઈ ડોરૂં નામના યુવાને થોડા સમય પહેલા અસલમ યાસીન શેખ પાસેથી રૂપિયા વ્યાજે મેળવ્યા હતા. જેમાંથી રૂા. ૩૦૦૦ આસિફે ચૂકવવાના બાકી હતા. આ રકમની ઉઘરાણી કરતા અસલમ અને તેના મિત્રો અહેમદ બોદુ સંધી નામના શખ્સો મંગળવારે રાત્રે આસીફના ઘેર ધસી ગયા હતા. જ્યાં તેઓએ ફોન કરીને આસીફને બહાર બોલાવ્યા પછી પૈસા આપી દેવાનું કહેતા આસિફે પૈસાની સગવડ નથી તેમ કહેતા અસલમ અને અહેમદ સંધીએ ગાળો ભાંડી આસિફને માર માર્યો હતો. પૈસા નહીં આપે તો પતાવી દઈશું તેવી ધમકી આપી બન્ને શખ્સ ચાલ્યા ગયા હતા. વ્યાજખોરોની ધમકીથી ડરી ગયેલા આસિફે મંગળવારે પોતાના શરીર પર ડીઝલ જેવું કોઈ જ્વલનશીલ પ્રવાહી છાંટી દિવાસળી ચાંપી દીધી હતી. જોતજોતામાં ભડભડ સળગી ઊઠેલા આ યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં ફરજ પરના તબીબોએ તેની સારવાર શરૂ કરી હતી અને પોલીસે તે યુવાનનું નિવેદન નોંધ્યું હતું.

## ગુલાબનગરમાંથી ૩ લાખની ચોરી કરી ફરાર થયેલો તસ્કર પાંચ વર્ષે ઝડપાયો

જામનગર,તા.૨૮

જામનગર શહેરમાં ગુલાબનગરમાં અલગ - અલગ આઠ મકાનોના તાળા તોડી સોના - ચાંદીના ઘરેણા , રોકડ રૂપિયા તથા મોબાઈલ મળી કુલ રૂ .૩,૦૭,૭૦૦ / - ના મુદામાલની ચોરી કરી નાશી જઈ છેલ્લા પાંચ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા - ફરતા આરોપીને પકડી પાડ્યો હતો. જામનગર પેરોલ / ફર્લો સ્કવોડ હલ પોલીસ મહાનિર્દેશક ગુજરાત રાજ્યનાઓએ નાસતાં - ફરતાં આરોપીઓ પકડી પાડવા ખાસ ઝુંબેશનું આયોજન કરેલ હોય જે અનુસંધાને જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક દીપન ભદ્રનની સુચના તેમજ એલ.સી.બી. પો . ઈન્સ . કે.જી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઈ. એ.એસ.ગરચર તથા સ્ટાફના માણસો પેરોલ ફર્લો ફરારી / નાસતા - ફરતા ગુન્હેગારોને શોધી કાઢવા અંગે પ્રયત્નશીલ હતા. દરમ્યાન પો. હેડ કોન્સ. રણજીતસિંહ પરમાર, સલીમભાઈ નોયડાને હકીકત મળેલ કે, જામનગર સીટી બી ડીવીઝન પો.સ્ટે. ફ.ગુ.ર.નં .૨૭૪/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૧૧ વિ. મુજબના ગુન્હાના કામે નાસતો - ફરતો આરોપી છગન નવલસિંહ અમલીયાર રહે.કુકસી જી.ધાર ( મ.પ્ર .) વાળો હાલ હડમતીયા ગામ તા.ટંકારા જી.મોરબી ખાતે હોય તેવી હકીકત આધારે ઉપરોક્ત ટીમ સાથે સદરહુ આરોપીને પકડી પાડી પો.સબ ઈન્સ . એ.એસ.ગરચરએ ધોરણસર અટક કરી આગળની કાર્યવાહી સારૂ જામનગર સીટી બી ડીવીઝન પો.સ્ટે.ને સોંપી આપેલ છે. આ કામગીરીમાં પેરોલ/ફર્લો સ્કવોડના પો.સ.ઈ. એ.એસ.ગરચર તથા પો. હેડ કોન્સ. ગજેન્દ્રસિંહ જાડેજા , સુરેન્દ્રસિંહ ચૌહાણ તથા અન્ય સ્ટાફે કામગીરી કરેલ છે.

## જામનગરમાં મોટી બહેનનું ઢીમ ઢાળી નાના ભાઈએ જીંદગી ટૂંકાવી

જામનગર તા.૨૮

જામનગરના રામેશ્વરનગર વિસ્તારમાં રહેતો એક ભોઈ વૃદ્ધાનો મંગળવારે ઘરમાંથી મૃતદેહ મળી આવ્યા પછી પોલીસે મૃતદેહના ગળા પરના નિશાનો જોઈ તેનું પીએમ કરાવવા ઉપરાંત તપાસ શરૂ કરી હતી તે દરમ્યાન ગઈકાલે બપોરે તળાવની પાળ પરની જુની આરટીઓ ઓફિસ પાસેથી એક પ્રૌઢનો મૃતદેહ પણ મળ્યો હતો. તેની પાસેથી મળી આવેલી એક ચિઠ્ઠીમાં મોટો ઘટસ્ફોટ થયો હતો. મૃતકે પોતાની મોટી અપરિણીત બહેનને ગળુ દાબીને તેની હત્યા કર્યા પછી પોતે પણ ઝેરી દવા પી અને બન્ને હાથની નસ કાપી આત્મહત્યા કરતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે બન્ને મૃતદેહના પીએમ કરાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જામનગરના રામેશ્વરનગર વિસ્તારમાં આવેલા આશા એપાર્ટમેન્ટ પાસે મયુર ટેનામેન્ટમાં રહેતાં હર્ષિદાબેન



છગનલાલ જેઠવા (ઉ.વ.૬૭) નામના ભોઈ મહિલાનો મૃતદેહ મંગળવારે રાત્રે આઠેક વાગ્યે તેમના ટેનામેન્ટમાંથી મળી આવ્યો હતો. એક સિકયુરીટી એજન્સીમાં નોકરી કરતાં આ વૃદ્ધા અપરિણીત હતા અને પોતાના ભાઈ અનિલ છગનલાલ જેઠવા (ઉ.વ.૫૭) સાથે તે ટેનામેન્ટમાં વસવાટ કરતા હતાં. આ વૃદ્ધાના મૃત્યુની તેમના બીજા ભાઈ જીતુભાઈ જેઠવાએ પોલીસને જાણ કરતા એએસપી નિતેશ પાંડે તથા સિટી બી ડિવિઝનના પીઆઈ કે.જે. ભોયે સહિતનો સ્ટાફ ધસી ગયો હતો. પોલીસે હર્ષિદાબેનના મૃતદેહને પીએમ માટે ખસેડી તપાસ શરૂ કરી હતી. આ વૃદ્ધાના ગળા પર કેટલાક નિશાનો જોવા મળતાં પોલીસ વહેમાઈ હતી. જુદીજુદી દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. મૃતકના સૌથી નાના ભાઈ જીતુભાઈની પૂછપરછ કરાતા જામનગર મહાનગરપાલિકાના હાઉસ ટેકસ વિભાગમાં ફરજ બજાવતા તેમના વચલાભાઈ અનિલભાઈ પણ મંગળવારે ઘરેથી નીકળ્યા પછી પરત નહી આવ્યાની વિગત પોલીસને મળવા પામી હતી તેમજ મૃત્યુ પામનાર હર્ષિદાબેનને આંચકી આવવાની બીમારી હોવાનું અને દર છ-આઠ મહિને આંચકી આવતી હોવાનું જાણવા મળ્યું હતું. આ મહિલાને અનિલભાઈ, જીતુભાઈ તથા રજનીશભાઈ નામના ત્રણ ભાઈ હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. ઉપરોકત વિગતોને ધ્યાને રાખી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી તે દરમ્યાન ગઈકાલે બપોરે જામનગરના લાખોટા તળાવની પાળ પર પાછળના ભાગમાં એક પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો હતો. આ વૃદ્ધને મ્હોમાંથી ફીણ નીકળેલા અને બન્ને હાથોમાં લોહી જોવા મળતા કોઈએ પોલીસને જાણ કરતા સિટી એ ડિવિઝનના પીઆઈ એમ.જે. જલુ તથા પોલીસ કાફલો ધસી ગયા હતો. પોલીસે ત્યાંથી આ પ્રૌઢનો મૃતદેહ કબ્જે કરી તપાસ કરતાં એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યા મુજબ મૃતકનું નામ અનિલભાઈ છગનલાલ જેઠવા હોવાનું જાણવા મળ્યું હતું અને તેણે ઝેરી દવા પીધા પછી પણ કદાચ મૃત્યુ ન થાય તો પોતાના બન્ને હાથની નશ કાપી નાખ્યાનું ખુલ્યું હતું. પોલીસે મૃતકની લખેલી મનાતી સ્યુસાઈડ નોટ ઝબ્બે લીધી છે. તેમાં લખ્યા મુજબ મૃતક છેલ્લા ત્રણ વર્ષથી ઉંઘ લઈ શકતા ન હતાં, માનસિક બીમારીથી પીડાતા હતાં.

## અવસાન નોંધ

**જામ ખંભાળિયા :** ગોકલદાસ ગોપાલદાસ પંચમતીયા ( ઉ.વ. ૭૪ ) તે ઓચ્છવભાઈના મોટાભાઈ તથા નીતેષભાઈ (પંચમ કલાસીસ), મીતેશભાઈ (ગોકલદાસ ગોપાલદાસ), સોનલબેન મદલાણી(પોરબંદર) અને રૂપલબેન તન્ના(જામનગર)ના પિતાશ્રી તા. ૨૮ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ટેલિફોનિક બેસણું તથા સ્વસુર પક્ષની સાદડી શુક્રવાર તા. ૨૯ ના રોજ સાંજે ૪ થી ૫ રાખેલ છે. ઓચ્છવભાઈ (મો. ૯૦૧૬૫૮૪૩૩૫), નિતેશભાઈ (મો. ૯૪૨૬૬૩૬૨૬૯), મિતેશભાઈ (મો. ૯૮૭૯૯૩૨૨૩૨), કનુભાઈ લાલ (મો. ૯૪૨૯૮૨૯૯૦૦), પ્રભુદાસ લાલ (મો. ૯૪૨૭૨૪૩૮૨૪), ઓચ્છવભાઈ લાલ (મો. ૯૩૨૮૦૪૩૭૮૮)

**જામ ખંભાળિયા :** ચંપાબેન મથુરાદાસ સૌનેયા (ઉ.વ. ૮૦) તે જયેશભાઈ સૌનેયા (એ-વન નમકીનવારા) ના માતુશ્રી તથા ભરતભાઈ (પોરબંદર) ના કાકી તા. ૨૮ મી ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ટેલિફોનિક બેસણું (સાદડી) શુક્રવાર તા. ૨૯ મી ના રોજ સાંજે ચાર થી છ સુધી રાખવામાં આવેલ છે. જયેશભાઈ (મો. ૯૯૭૪૮૪૨૩૪૧), ભરતભાઈ (મો ૯૯૭૮૭૬૦૫૦૨).

# વાંકાનેરનો અરબાઝ બાદી સમગ્ર સૌરાષ્ટ્ર યુનિ.માં પાંચમા ક્રમે

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૮

વર્ષ ૨૦૧૮-૨૦ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હેઠળ એચ.એન. શુક્લા કોલેજમાં અભ્યાસ કરી M.Sc. (માસ્ટર ઓફ સાયન્સ)માં કેમિસ્ટ્રી વિષય સાથે સમગ્ર યુનિવર્સિટીમાં વાંકાનેરનો વિદ્યાર્થીઓ બાદી અરબાઝ યાકુબભાઈ પાંચમા ક્રમે ઉત્તીર્ણ થઈ કોલેજ, વાંકાનેર તાલુકા, મુસ્લિમ સમાજ અને ચક્રવાત પરિવારનું નામ રોશન કર્યું છે. મુળ વાંકાનેર તાલુકાના ખેરવા ગામના વતની અને છેલ્લા ૨૦ વર્ષ પત્રકારત્વ સાથે જોડાયેલ યાકુબભાઈ બાદીના પુત્ર અરબાઝ યાકુબભાઈ બાદી વર્ષ ૨૦૧૮-૨૦ દરમિયાન એમ.એસ.સી કેમિસ્ટ્રી(ઓર્ગેનિક) વિષયમાં પોતાની કોલેજમાં પ્રથમ સ્થાન તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પાંચમા ક્રમે ઉત્તીર્ણ થઈને સમગ્ર વાંકાનેર તાલુકા, મુસ્લિમ સમાજ અને ચક્રવાત પરિવારનું નામ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટની એચ.એન. શુક્લા કોલેજમાં દર વર્ષે અભ્યાસ, સોસીયલ એક્ટીવિટી, સ્પોર્ટ્સ એક્ટીવિટી, સ્ટુડન્ટ વોટીંગ, સ્ટાફ વોટીંગ, ટ્રસ્ટી વોટીંગથી યોજાતા સ્ટુડન્ટ ઓફ ધ યર



એવોર્ડમાં પર અરબાઝ બાદી વર્ષ ૨૦૨૦માં વિજેતા થયો હતો. હાલ અરબાઝ બાદી પોતાના અભ્યાસ સાથોસાથ પત્રકારત્વમાં રૂચિ દાખવી પોતાનું ભવિષ્ય ઘડતર કરી રહ્યો હોય અને તેની આ સિધ્ધિ બદલ ચક્રવાત પરિવાર, વાંકાનેર મુસ્લિમ સમાજ અને કોલેજ પરિવાર તરફથી શુભેચ્છા પાઠવવા આવી રહી છે.

# શ્રીમતી એલ.કે. સંઘવી ગર્લ્સ હાઈસ્કૂલ-વાંકાનેરની વિદ્યાર્થીની વક્તૃત્વ સ્પર્ધામાં રાજ્યમાં પ્રથમ સ્થાને

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૮




રામકૃષ્ણ આશ્રમ દ્વારા સ્વામી વિવેકાનંદ ૧૫૮ જન્મજયંતિ નિમિતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ વર્ષે કોરોના મહામારીને કારણે ઓનલાઈન ૨૬ રાજ્યોમાં આ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાંથી વક્તૃત્વ સ્પર્ધામાં વાંકાનેરની શ્રીમતી એલ.કે. સંઘવી ગર્લ્સ હાઈસ્કૂલના ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રાવલ નિર્જરા જતીનભાઈએ "નિર્ભય બનો અને મુસીબતોનો સામનો કરો" વિષેય પર વક્તૃત્વ રજૂ કરી તેમને ગુજરાત રાજયમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળા અને મોરબી જીલ્લાનું નામ રોશન કર્યું છે. આ પ્રથમ નંબર પ્રાપ્ત કરવા બદલ વિદ્યા ભારતી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ, શાળા પરિવાર, રાવલ પરિવાર તેમજ શિક્ષણાધિકારી કચેરી દ્વારા વિદ્યાર્થીનીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ લલિતભાઈ મહેતા તેમજ શાળાના પ્રધાનાચાર્ય દર્શાનાબેન જાનીએ વિદ્યાર્થીને હ્રદય પૂર્વક ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# ગીર સોમનાથ જીલ્લા આહીર સમાજનુ ભાજપપ્રેરીત સંમેલન યોજાયું

ચક્રવાત ટીમ, તા.૨૮

સ્થાનીક સ્વરાજયની ચુટણીઓની જાહેરાત થઈ ચુકી છે ત્યારે તાજેતરના ગુજરાત ભાજપ દ્વારા આહીર સમાજને મહત્વનુ સ્થાન આપ્યુ છે તેમજ આહીર સમાજમા ચેરમેનો, ધારાસભ્યો, મંત્રીઓ સહીતના હોદાઓ આપ્યા છે તેમજ ગીર સોમનાથ જીલ્લામા પણ આહીર સમાજના આગેવાનોને મહત્વના હોદાઓ આપ્યા છે ત્યારે ગીર સોમનાથ જીલ્લાના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ મંત્રી, જીલ્લા પ્રમુખ અને જીલ્લા ભાજપના આગેવાનોનુ સન્માન સમારોહ પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવાના અધ્યક્ષ સ્થાને ભાલકા મંદિરના પટાંગણમા ભગવાન શ્રી કૃષ્ણદ્‌ના સાનિધ્યમા રાખવામા આવેલ હતો. ગીર સોમનાથ જીલ્લામા ભાજપપ્રેરીત આહીર સમાજ દ્વારા ગુજરાત પ્રદેશ મા આહીર સમાજને મહત્વનુ સ્થાન મળ્યુ છે તેમજ અમરેલી, દ્વારકા, બરોડા સહીત આહીર સમાજને ભાજપ દ્વારા સ્થાન આપ્યુ છે. તેમજ ગીર સોમનાથ જીલ્લા ભાજપના આગેવાનો, સાસંદ, પ્રદેશ મંત્રી સહીતનો પણ સન્માન સમારોહ ભાલકા મંદિર ના સાનિધ્યમા રાખેલ હતો .ગીર સોમનાથ જીલ્લાની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહીત મા ભાજપ દ્વારા યોગ્ય ટીકીટો આપવામા આવે જ તેથી આહીર સમાજ અન્ય સમાજ સાથે પણ જોડાયેલો હોય ભાજપ દ્વારા કોઈપણ ને ટીકીટ અપાશે ત્યારે આહીર સમાજ તેમની સાથે રહૂશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગીર સોમનાથ જીલ્લા આહીર સમાજ દ્વારા યોજાયેલ સન્માન સમારોહ મા બહોળી સંખ્યામા આહીર સમાજની ઉપસ્થિત જ દર્શાવે છેકે આવનારી ચુટણીઓ મા ભાજપ સાથે આહીર સમાજ રહૂશે. સરકારની યોજનાઓ , વિકાસના કામો જોઈ આગામી ચુટણીઓ મા ભાજપ ભવ્ય વિજય પ્રાપ્ત કરશે. ભાજપ દ્વારા આહીર સમાજને મહત્વની જવાબદારી આપી છે ત્યારે સૌ સમાજને સાથે રાખી ભાજપ પક્ષ ચાલી રહેલ છે ત્યારે સૌને પુરો ન્યાય મળશે.


# પોરબંદરમાં યોગીઓ દ્વારા સામૂહિક સૂર્ય નમસ્કાર તથા ઉકાળાનું વિતરણ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૮

૨૬મી જાન્યુઆરીના ઉપક્રમે ચોપાટી ખાતે મહાનુભાવોની હાજરીમાં યોગ ટ્રેનરો અને યોગ સાધકોએ સામૂહિક સૂર્ય નમસ્કાર કરી ઉકાળાનું વિતરણ કર્યુ હતુ. પોરબંદરની ચોપાટી ખાતે ગણતંત્ર દિવસના અનુસંધાને વહેલી સવારે જીવાભાઈ ખૂંટી દ્વારા તૈયાર થયેલા યોગ ટ્રેનર મનીષાબેન ગોસ્વામી અને આરતીબેન મેઘનાથી દ્વારા ચલાવવામાં આવતા નિશુલ્ક યોગ વર્ગોના સાધકો દ્વારા સામુહિક સૂર્યનમસ્કાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો ધ્યેય એ હતો કે યોગ, જેનો અર્થ જ જોડાણ થાય છે. સમાજમાં રાષ્ટ્રીય એકતા અને ભાઈચારાની ભાવના જળવાઈ રહે અને સૌ તંદુરસ્ત રહે. સૂર્યનમસ્કાર એક સંપૂર્ણ વ્યાયામ છે જે તન ને તરોતાજા રાખવાની સાથે મન ને શાંતિ અને એકાગ્રતા આપે છે. દરરોજ અગર બીજું કોઈ વ્યાયામના થઈ શકે અને ફક્ત સૂર્યનમસ્કાર પણ જો કરવામાં આવે તો પણ સર્વાંગી ફાયદો મળે છે. કાર્યક્રમ ની શરૂઆત રાષ્ટ્રગાન સાથે થઈ હતી. કોરોનાની મહામારીમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે જ્યારે આપણે આપણી પૌરાણિક ચિકિત્સા પધ્ધતિઓ તરફ વળી રહ્યા છે ત્યારે યોગ અને અન્ય વ્યાયામની સાથે સાથે આયુર્વેદિક ઉકાળાની પણ આ રોગમાં સફળ અસર જોવા મળી છે. આવા જ હેતુથી મહેમાનોના હસ્તે બધા યોગ સાધકોને આયુર્વેદિક ઉકળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ડો. તિવારી, ડો. નિર્મળાબેન, માજી ફૌજી હરેન્દ્રગીરી ગોસ્વામી અને પતંજલીથી નરેશભાઈ જુંગીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# વાંકાનેર નજીક સીરામીક યુનિટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



ચક્રવાત ટીમ વાંકાનેર, મુંબઈ, ૨૮

વાંકાનેર વિસ્તારમાં ગઈકાલે તા.૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાંકાનેર તાલુકાના વઘાસિયા ગામ નજીક આવેલી સીરામીક ફેકટરી દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંકાનેરના વઘાસિયા ગામ નજીક આવેલી સોમાણી સેનેટરીવેર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રજાસત્તાક દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં લાઈફ બ્લડ સેન્ટર-રાજકોટના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૧ જેટલી બોટલ રક્ત એકત્ર થયું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા કે. એમ. ભટ્ટ, ડો. ધવલ મોલિયા, કલ્પેશ વાળા, મિલન રાઠોડ, મયુરભાઈ રાઠોડ, ધર્મેશ રાઠોડ, મહેન્દ્ર રાઠોડ સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# ઊના તાલુકાના માછીમારોને કાનૂની જાગૃતી માટે દરીયાનો દાયરો કાનુની સહાય કાર્યક્રમ યોજાયો

### ઉના રાજુલા દ્વારા ત્રણ દિવસ આયોજન કરવામાં આવેલ હતું



ચક્રવાત ટીમ ઊના, તા.૨૮

સેન્ટર ફોર સોશીયલ જસ્ટીશ આઈડીએલ સંચાલીત દરીયાનો દાયરો કાનુની સહાય કેન્દ્ર ઉના રાજુલા દ્વારા ઉના દરીયા કાંઠાના માછીમારો કાનૂની જાગૃતી આવે તે માટે તા.૨૧ થી તા.૨૩ જાન્યુ ૨૦૨૧ સુધી કાનૂની જાગૃતિ ઝુંબેશ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ. આ કાનૂની જાગૃતી ઝુંબેશમાં ઉના તાલુકાના સૈયદ રાજપરા, સીમર બંદર, નવાબંદર, દાંડી, ખડા, ખાણ ગામ તેમજ સુત્રાપાડા તાલુકાના ધામળેજ બંદર, સુત્રાપાડા બંદર, હિરાકોટ બંદરમાં ત્રણ દિવસ માછીમાર સંબંધિત યોજના જેવી કે વડાપ્રધાન મત્સ્ય સંપદા યોજના, માછીમાર કલ્યાણ યોજના, ફિશ માર્કેટ સંબંધિત જાણકારી તેમજ માછીમાર કાયદાઓ મુદે જાગૃતિ આવે તેવો પ્રયત્ન હાથ ધરેલ. આ ત્રણ દિવસના જાગૃતિ કાર્યક્રમમાં દરીયાનો દાયરો કાનૂની સહાય કેન્દ્ર ઉના, રાજુલા ટીમના જયનીલભાઈ કુહાડ, અરવિંદભાઈ ખુમાણ, માનસિંગ કાતિરા, અમરેલી ન્યાયિકા કાનૂની સહાય કેન્દ્રના જાગૃતિબેન જોષી, રેણુકાબેન, જલ્પાબેન, પ્રશાંતભાઈ, ગોપાલભાઈ સહીત હાજર રહ્યા હતા. તેમજ કાનૂની ઝુંબેશ માટે દરીયાનો દાયરો કાનૂની સહાય કેન્દ્ર ઉના રાજુલા દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

# પોરબંદરમાં પ્રાથમિક શાળાના બાળકોને તાલુકા કક્ષાની સ્પર્ધામાં પ્રોત્સાહિત ઈનામ અપાયું



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૮

મોકર પ્રાથમિક શાળાના યોગના બાળકો વર્ષ ૨૦૧૦થી તાલુકા કક્ષા અને જિલ્લાકક્ષાના રાષ્ટ્રીય પર્વના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે છે અને દર વર્ષે ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરી નિમિતે યોગનું પરફોર્મન્સ રજુ કરે છે અને દર વર્ષે આ કૃતિને પ્રથમ નંબર મળે છે અને પ્રોત્સાહિત ઈનામ પણ મળે છે. ચાલુ વર્ષ કોરોનાની મહામારીના સમયમાં પણ રાણાવાવ તાલુકાકક્ષાની ઉજવણીમાં પ્રથમ નંબર મેળવી રૂપીયા ૬૦૦૦નુ પ્રોત્સાહિત ઈનામ મામલતદારના હસ્તે મેળવેલ છે. માર્ગદર્શક શિક્ષક લાખાણા ભાવિશાબેન તેમજ યોગાટીમને ખુબ ખુબ અભિનંદન.

# પોરબંદરના રાણાવાવમાં તાલુકા કક્ષાની રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૮

રાણાવાવ તાલુકા કક્ષાની રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૧ના સરકારી વિનયન કોલેજ રાણાવાવ ખાતે યોજાઈ હતી. જેમાં કેમ્પસ એમ્બેસેડર તરીકેની શ્રેષ્ઠ કામગીરી બદલ સરકારી વિનયન કોલેજ રાણાવાવના બીજા વર્ષના વિદ્યાર્થી ઘુમલીયા પ્રકાશ તથા ઝેહરી કોનેનબાનુનું મામલતદાર રાણાવાવના વરદ હસ્તે અભિવાદન થયું હતું જેમાં સરકારી વિનયન કોલેજ રાણાવાવના આચાર્ય ડૉ.કે.કે.બુધભટ્ટી તેમજ ટી.ડી.ઓ.સાહેબ રાણાવાવ ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

# આખલાની હત્યાના આરોપીને પકડવા જતાં પોલીસની પૂંછડી કોણ દબાવી રહ્યું છે ?

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૨૮

વેરાવળ તાલુકાના સિડોકર ગામે આખલા પર પાઈપ ઘુસાડ્યા બાદ આખલાનું મૃત્યુ થયાના ૨૦ દિવસ બાદ પણ પોલીસ આરોપી સુધી પહોંચી કેમ નથી ? રાજકીય રંગ કે પછી પોલીસ નિષ્ક્રિય ? સિડોકર ગામે અસાજીક તત્વોએ આખલાને આરપાર લોખંડનો પાઈપ ઘુસાડી દેવામાં આવ્યો હતો ત્યાર બાદ પશુ પ્રેમીઓ લોકોને જાણ થતાં શાંતિપરા દ્વારકાધીશ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પણ આખલાના ઓપરેશન માટે જૂનાગઢ ખસેડાયો હતો ત્યારે બાદ ફરીથી તેને દ્વારકાધીશ હોસ્પિટલ શાંતિપરા લવાયો હતો ત્યાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું જેને લઈને પશુ પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આખલાને જે સ્થળે પાઈપ ઘુસાડવામાં આવ્યો તે સ્થળ જેના ખેતરમાંથી આખલો આવ્યો તેના પુરાવા હોવા છતાં આરોપીઓ હજુ સુધી પોલીસ કેમ પકડી નથી શકી. વેરાવળના સિડોકર ગામે આખલાને પાઈપ ઘુસાડ્યા બાદ પ્રભાસ પાટણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે પણ આરોપીઓ હજુ પણ પોલીસ પકડી નથી શકી ત્યારે આખલાના મોતમાં રાજકીય રંગ આવ્યો હોય તેવું ચર્ચા ચાલુ થઈ ગઈ છે થોડા સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય દબાણ પોલીસ પર છે ? પછી પોલીસ જ નિષ્ક્રિય છે ? આખલાને લોખંડનો પાઈપ ઘુસાડનાર આરોપીઓ હજુ સુધી કેમ નથી પકડાયા તેને લઈને મોટો સવાલ છે ! આખલાને પાઈપ ઘુસાડ્યા બાદ જે ખેતર માંથી આવ્યો તેના પુરાવા હોવા છતાં પોલીસ કેમ આરોપી સુધી પોહચી સકતી નથી ? જેને લઈને પશુ પ્રેમીનો રોષ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચ્ચગાળાના જામીન ઉપરથી ફરાર કેદી ઝડપાયો



ચક્રવાત ટીમ વાંકાનેર, તા. ૨૮

વાંકનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચ્ચગાળાના જામીન ઉપરથી ફરાર થયેલ આરોપી પકડી પાડવામાં આવ્યો હતો. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમને મળેલ ખાનગી બાતમીના આધારે રાજકોટ ફેમેલી કોર્ટના ભરણ પોષણના કેસનો કેદી મુળજીભાઈ ચનાભાઈ ચાવડા (ઉ.વ. ૪૦, રહે કણકોટ, તા. વાંકનેર)ને દોઢ વર્ષની સજા કરેલ હોય, જે કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો હતો. આ કેદીએ તા. ૩૦/૦૩/૨૦૨૦થી તા. ૦૧/૦૧/૨૦૨૧ સુધીમાં વચગાળાના જામીન મેળવ્યા હતા. જે બાદ કેદીને તા. ૧ના રોજ મધ્યસ્થ જેલમાં હાજર થવાનું હતું. પરંતુ કેદી વચગાળાના જામીન પરથી ફરાર થયેલ હતો. જે ફરાર કેદીનખ વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ગઈકાલે વાંકાનેર તાલુકાના કણકોટ ગામેથી પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવા તજવીજ હાથ ધરી છે.

# પોરબંદરમાં ચૂંટણી સંદર્ભે ભાષણો સહિતના કૃત્યો પર પ્રતિબંધનું જાહેરનામું પ્રસિધ્ધ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૮

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાઓ સામાન્ય ચૂંટણી તથા પ્રસંગોપાત પડેલ બેઠકોની પેટા ચૂંટણી ફેબ્રુઆરી-૨૦૨૧ કાર્યક્રમ તા.૨૩/૦૧/૨૦૨૧થી જાહેર થયેલ છે. તે મુજબ પોરબંદર જિલ્લામાં પોરબંદર જિલ્લા પંચાયત, પોરબંદર/રાણાવાવ/કુતિયાણા તાલુકા પંચાયત તથા પોરબંદર-છાંયા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૦૨/૦૩/૨૦૨૧ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૦૨/૦૩/૨૦૨૧ ના રોજ થનાર છે. સબબ, આ ચૂંટણી શાંતિથી અને ભયમૂક્ત વાતાવરણમાં નિર્ભય રીતે યોજાય તે હેતુથી પોરબંદર જિલ્લા પુરતી જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે તેમજ પોરબંદર જિલ્લામાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને રાજય ચૂંટણી બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ આચાર સંહિતાની જોગવાઈઓ અમલ માટે વિવિધ પ્રતિબંધ મુકવાની જરૂર જણાતા પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા.૨૭/૦૧/૨૦૨૧ કલાક ૦:૦૦ થી તા.૦૫/૦૩/૨૦૨૧ કલાક ૨૪:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર શ્રી ડી.એન. મોદીએ પ્રતિબંધ ફરમાવેલ છે.

છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાથી, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવેલ છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# મગફળી સંશોધન કેન્દ્ર જૂનાગઢ દ્વારા SCSP યોજના અંતર્ગત તાલીમ યોજાઈ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૮

મગફળી સંશોધન કેન્દ્ર જૂનાગઢ દ્વારા SCSP {Scheduled Castes Sub Plan} યોજના અંતર્ગત ખેડૂતોને તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. મગફળી સંશોધન કેન્દ્રમાં ફરજ બજાવતા અરવિંદભાઈ અરજણભાઈ મકવાણા દ્વારા બે ગામના ખેડૂતોની યાદી તૈયાર કરી આપવામાં આવી હતી. તેમાં પાદરડી ગામના સરપંચ જગદીશભાઈ, ગોવિંદભાઈ મકવાણા, મનુભાઈ મુછડીયા અને મહેશભાઈ મુછડીયા તેમજ ગામનાં આગેવાનો સહિત કુલ ૩૭ ખેડૂતો અને ખમીદાણા ગામના સરપંચ મનીષભાઈ, શાંતિલાલ પરમાર અને વજુભાઈ પરમાર સહિત કુલ ૨૭ ખેડૂતોએ આ તાલીમ લીધી હતી. આ ખેડૂતોને જીઝજીઁ યોજના અંતર્ગત મગફળી સંશોધન કેન્દ્ર જૂનાગઢના ડાયરેક્ટર ડૉ. રાધાકૃષ્ણન સાહેબના હસ્તે દવા છંટવાનો પમ્પ, અનાજ ભરવાની કોઠી, તાલપત્રી અને પાણીનો જગ સહીત ખેતીની સામગ્રી ફ્રી માં વિતરણ કરવામાં આવ્યા હતા.

# પ્રજાસત્તાક પર્વ : વાંકાનેર વિસ્તારમાં આન, બાન અને શાન સાથે લહેરાયો તિરંગો


ચક્રવાત ટીમ, વાંકાનેર, ૨૮



૭૨ માં પ્રજાસત્તાક દિવસની વાંકાનેર સેવા સદન ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાંકાનેર મામલતદારના હસ્તે ધ્વજ વંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી. આ સાથે જ વાંકાનેર શહેરની ગર્લ્સ સ્કૂલ અને રાતીદેવરી પ્રાથમિક શાળાના બાળકોએ દેશભક્તિના રંગે રંગાઈ અને સાંસ્કૃતિક કાર્યક્રમની શોભા વધારી હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણી બાદ કચેરીના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. વાંકાનેર ગેલેક્સી હાઈસ્કૂલ ખાતે વાંકાનેર કોંગ્રેસ અગ્રણી ઈરફાન પીરજાદાના હસ્તે ધ્વજવંદન કરી ૭૨માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ સોસીયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરતા શાળા સંકુલ ખાતે મર્યાદિત બાળકોની હાજરીમાં સુંદર રીતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિન નિમિત્તે વાંકાનેર મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ વાંકાનેર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રમેશભાઈ વોરાના હસ્તે ધ્વજવંદન કરી ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથોસાથ શાળામાં અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૨ માં પ્રથમ ત્રણ નંબર આવેલ વિદ્યાર્થીનીઓને વાંકાનેર ભાજપ અગ્રણી જીતુભાઈ સોમાણીએ ૧૧ હજાર તેમજ શાળા પરિવાર તરફથી ૧૧ હજાર રૂપિયા આપી બાળાઓના પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્ય ડો. ગીતાબેન ચાવડાએ આભારવિધિ કરી હતી.

## તંત્રીસ્થાનેથી......


# દિલ્હીમાં લાલ કિલ્લા પર લહેરાવાયેલો ઝંડો કોનો છે અને શું છે તેનો ઈતિહાસ?



યાકુબ બાદી
તંત્રી

દર વર્ષે દિલ્હી ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસની ઉજવણી માટે સજ્જ હોય છે પરંતુ આ વર્ષે દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલી થઈ અને તેમાં હિંસા અને અરાજકતા જોવા મળી. બે મહિનાથી દિલ્હીની સરહદો પર આંદોલન કરી રહેલા ખેડૂતોએ ૨૬ જાન્યુઆરીનો દિવસ દિલ્હીમાં પ્રવેશ માટે પસંદ કર્યો હતો. ખેડૂતોએ દિલ્હીમાં અલગ અલગ રસ્તેથી એન્ટ્રી કરી અને અલગ અલગ સ્થળોએ સેંકડોની સંખ્યામાં ટ્રેક્ટર લઈને રેલી કાઢી. પોલીસ સાથે નક્કી કરેલા રૂટથી અલગ કેટલાક ખેડૂતો લાલ કિલ્લા તરફ કૂચ કરી ગયા અને રેલીમાં અનેક સ્થળોએ થયેલા હંગામા પછી પ્રદર્શનકારીઓએ લાલ કિલ્લા પર ઝંડો પણ ફરકાવ્યો હતો. લાલ કિલ્લા પર ખેડૂતોએ જ્યાં ઝંડો ફરકાવ્યો એ એ જ જગ્યા છે જ્યાં ૧૫ ઑગસ્ટે વડા પ્રધાન ભારતનો તિરંગો ફરકાવતા હોય છે. ખેડૂતો દ્વારા લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવાની ટીકા થઈ રહી છે તો આ ઝંડો ખાલિસ્તાનીઓ સાથે જોડાયેલા હોવા અંગે પણ ચર્ચા થઈ રહી છે. જે વાત ખેડૂતોને બદનામ કરવા માટે અમુક ઉપદ્રવીઓએ ઉપજાવી કાઢી છે. આ ઝંડાનો ઈતિહાસ આના થી કંઈક અલગ જ છે. દિલ્હીમાં લાલ કિલ્લા પર ખેડૂતોએ ફરકાવેલ કેસરી ઝંડો શીખ ધર્મનો ધાર્મિક ઝંડો છે. આ ઝંડો ગુરુદ્વારા અને અન્ય શીખ ધાર્મિક સ્થળો પર જોવા મળે છે. તેની ઉપર બનેલા નિશાન વિશે વાત કરીએ તો આ ઝંડા પર જે નિશાન છે તેમાં બે કિરપાણ અને એક ચક્ર છે, આ કિરપાણ મીરી અને પીરી કહેવાય છે જે સંત અને તલવારનું પ્રતીક છે. આ નિશાનમાં જે ચક્ર છે એ અકાલ-નિરંકારનું પ્રતીક છે, એટલે જેનો કોઈ આરંભ નથી અને જેનો કોઈ અંત નથી. આ ઝંડાના ઈતિહાસ જોઈએ તો શીખોના છઠા ગુરુ ગુરુ હરગોવિંદસિંહ સાહેબના સમયમાં આ ઝંડાની શરૂઆત થઈ હતી. ગુરુ ગોવિંદ સિંહે જે લડાઈઓ લડી અને મુગલો સામે જે ઝુંબેશ શીખોએ ઉપાડી તેમાં આ ઝંડો એક નિશાન બની ગયો, જેની હેઠળ શીખો એક થતા હતા. આમ શીખ ધર્મ એક અલગ ધર્મ છે એટલે આ ઝંડો તેના એક સ્વતંત્ર ધર્મ અને રાષ્ટ્રીયતાનું પ્રતીક બની ગયું. આ ઝંડાને ખાલસાઈ નિશાન કહેવાય છે પરંતુ તેનો ખાલિસ્તાનીઓ સાથે કોઈ સંબંધ નથી. લાલ કિલ્લા પર પ્રદર્શનકારીઓ દ્વારા બે ઝંડા લગાવવામાં આવ્યા હતા જેમાં એક ખાલસાઈ નિશાન છે અને બીજો ખેડૂત આંદોલનનો ઝંડો છે. ૨૬ જાન્યુઆરી એટલે કે ગણતંત્ર દિવસે દિલ્હીમાં જ્યાં ભવ્ય કાર્યક્રમનું આયોજન થાય છે તે દિવસે રાજધાનીમાં લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવાની આ ઘટનાની ટીકા થઈ રહી છે. ખેડૂત સંગઠનોએ પણ આ ઘટનાને વખોડી નાખી છે અને અરાજક તત્ત્વો આંદોલનમાં ઘૂસી આવ્યા હોવાની વાત કરી. જેના પરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે આ કાવતરું રાજકારણ પ્રેરીત અને ખેડૂતોના આંદોલનને ભાંગવા માટે અને ખેડૂતોને બદનામ કરવા માટે રચાયેલ હોવુ જોઈએ. આ કાર્યક્રમ બાદ ઘણા ખરા સમાચારો મુજબ ખેડૂત આંદોલનમાં ફુટ પણ પડી હોવાનું કહેવાઈ રહ્યું છે પરંતુ ખેડૂતોના આંદોલન સ્થળની સ્થિતિ અને મુલાકાત પરથી આ વાતને સમર્થન આપવું જરા અઘરું જણાઈ છે. આ બાબતે સંયુક્ત કિસાન મોર્ચાના નિવેદનમાં કહેવાયું છે, 'અનેક પ્રયત્નો છતાં કેટલાંક સંગઠનો અને લોકોએ રૂટનું ઉલ્લંઘન કર્યું અને ટીકાપાત્ર કૃત્યો કર્યાં. અસામાજિક તત્વોએ શાંતિપૂર્ણ આંદોલનમાં ઘૂસણખોરી કરી.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફ્રીક્શન નવલકથા.....




### પ્રકરણ ૫૧

મીરા મલિક. તેના દાદીએ એ જૂનવણી અને રૂઢિચુસ્ત જમાનામાં હિન્દુ છોકરા સાથે લવ મેરેજ કરેલા. આખો વિસ્તાર કોમી આગમાં ભડકે બળેલો. જો કે, બંને ભાગી ગયેલા. એ સમયમાં તેમની લવસ્ટોરી ભારે ચર્ચાનો વિષય બનેલી. તેમનામાં આવેલી બળવાખોરી શિક્ષણને આભારી હતી. ભણતાં ભણતાં પ્રેમમાં પડેલા દાદા અને દાદીએ આજીવન સરકારી નોકરી કરી. મહત્વના અને ઉચ્ચ કહી શકાય તેવા હોદ્દા તેમને શોભાવ્યા. એ સિવિલ સર્વિસ કપલ પોતાના સમયમાં આઈકોનીક કપલ તરીકે ઓળખાતું હતું. તેમની દેશભક્તિના ઉદાહરણો અનેક લોકોને પ્રેરણા પુરી પાડતાં હતા.

તે બંનેએ નક્કી કરેલું. છોકરો આવે તો મમ્મીને પસંદ હોય એ નામ આપવાનું. છોકરી આવે તો પપ્પાને પસંદ હોય એ. તેની દાદી પર વિનોભા ભાવેનો વિચારોની ખાસ્સી અસર હતી. એટલે મીરાના પપ્પાને નામ આપ્યું વિનોદ. બીજા સંતાન તરીકે છોકરી જન્મી. તેનું નામ આયેશા રાખવામાં આવ્યું. આયેશાએ એક ફ્રેન્ચ છોકરા સાથે લગ્ન કર્યા. તે હંમેશા માટે ફ્રાન્સમાં જ સ્થાઈ થઈ ગઈ. જ્યારે મીરાના પપ્પા કાશ્મીરી પંડિત છોકરીના પ્રેમમાં પડ્યા. તે કાશ્મીરમાં ટ્રેનિંગ માટે ગયેલા ત્યારે શરૂ થયેલો આ સંબંધ લગ્નમાં પરિણમ્યો. તે બંનેએ પણ આગળની પરંપરા ચાલુ રાખી.

છોકરી જન્મતાં તેને મીરા નામ મળ્યું. મીરા મલિક એવું નામ સાંભળતા ત્યારે લોકો વિચારે ચડી જતાં. આજે મીરાનો બર્થ ડે હતો. તે ૧૭ વર્ષ પૂરા કરવાની હતી. તેના પપ્પાની ટ્રાન્સફરને લીધે તેના બે વર્ષ બગડ્યા. હતા. તેના જન્મ દિવસની પાર્ટીમાં મારે રાહુલને અને હેપ્પીને જવાનું હતું. રાહુલને મીરા મુસલમાન હતી. તેથી ઘરેથી પરમિશન ના મળી. હેપ્પી કુટુંબના લગ્ન પ્રસંગમાં બહાર હતી. આમ તો તેનો જન્મ દિવસ ૧૨ ફેબુઆરી એ આવતો. પરંતુ હિન્દુ કેલેન્ડરની તિથિ મુજબ તે વસંત પંચમીના દિવસે જન્મી હતી. મીરાને વસંતપંચમી બહુ ગમતી. એટલે આ પોતાનો જન્મ દિવસ ઉજવતી.

તેના ઘરે જ મોટી પાર્ટી રાખવામાં આવી હતી. મને મીરાની પસંદગી વિશે ખ્યાલ નહોતો. બીજા છોકરાની જેમ હું પણ એ બાબતે બહુ કેરલેસ હતો. મેં હેપ્પીને ફોસલાવી. સ્પેશ્યલ ટ્રીટ આપવાની શરતે મીરાની પસંદગી અને શું ગિફ્ટ આપી શકાય તે જાણી લીધું. સાગર સાથે જઈને ગોલ્ડન સન એન્ડ મૂન વ્હાઈટ કલરનું "ફ્લાવર ફન' ડિઝાઈનનું લોન્ગ ગાઉન પસંદ કર્યું. સાગરની એક ખાસિયત હતી. તે અંગત લોકોને આપવાની ગિફ્ટ જાતે જ ડિઝાઈન કરાવતો. તેની કલર અને ડિઝાઈન કોમ્બિનેશનના સિલેક્શનમાં માસ્ટરી હતી.

હું કમિશનરના બંગલામાં પ્રવેશ્યો. ગેટ પાસે ગાડીઓનો લાઈન હતી. આજે ઘણા હૈં મહેમાનો આવવાના હોવાથી સિક્યુરિટી વધુ કડક હતી. મીરાના મમ્મી પપ્પાએ વેલકમ ડ્રિન્કથી મારું સ્વાગત કર્યું.

"વેલકમ ક્રિષ્ના, મીરા આખો દિવસ તારા ગુણગાન ગાતી ફરતી હોય છે. મારે એને કહેવું પડ્યું. તું એને બર્થ ડે પાર્ટીમાં ખાસ ઈન્વાઈટ કરજે . મારે એને મળવું છે. કોણ છે એ જેના વખાણ કરતાં તું થાકતી નથી." મીરાના મમ્મી બોલ્યા. તેમની ખૂબસૂરતીમાં કાશ્મીરના પહાડી સૌદર્યની ઝલક દેખાઈ આવતી હતી. શું જવાબ આપવો એ સમજાયું નહીં.

"આન્ટી એવું કંઈ નથી. હું પણ બીજા જેવો સામાન્ય સ્ટુડન્ટ છું. તે મારી પાર્ટનર છે. એટલે કદાચ વધુ પડતાં વખાણ કરે છે." મેં હસતાં ચહેરે કહ્યું.

"માય બોય, આઈ નો વેરી વેલ અબાઉટ માય લિટલ પ્રિન્સેસ. તે કોઈના વખાણ અમસ્તા જ નહી કરે, એનામાં કંઈ ક્વોલિટી તો હોવાની. તેની દોસ્તીની ગિફ્ટ પણ નસીબદાર હોય એને જ મળી શકે. આઈ થિંક આપણે પહેલાં ક્યાંય મળી ચૂક્યા છીએ ?'' મીરાના પપ્પાએ પૂછ્યું.

"યસ ACP સર. અમારા ફ્રેન્ડ રાહુલ પંડિતના પેઈન્ટિંગના એક્ઝિબિશનમાં. તમારી રાહુલના પપ્પા સાથે ચર્ચા ચાલતી હતી ત્યારે હું બાજુમાં ઉભો ઉભો સાંભળતો હતો.'' મેં તેમની આંખોમાં જોઈને કહ્યું.

"યસ, યાદ આવ્યું, રાહુલ તમારો ક્લાસમેટ છે નહીં ! તું અને મીરા એને સંભાળજો. તે ખરેખર બહુ ડિપ્રેશનમાં રહે છે. તમે બંને તેને હિંમત આપતાં રહેજો. તે જો ડૉક્ટર નહીં બની શકે તો તેના પપ્પા ગમે તે હદ સુધી જવા તૈયાર થશે. મારી આખી લાઈફમાં પોતાના ચાઈલ્ડ થકી પોતાનું સપનું પૂરું કરવા આટલી હ દ ે પાસે ઝિવ બાપ કોઈ દિવસ નથી જોયો.'' છઝઁ વિનોદ મલિક બોલ્યા.

"પણ સર, મને નથી લાગતુ રાહુલ ડૉક્ટર બની શકે ...! મેં તેના ઘરે પેઈન્ટિંગ જોયા છે. તે ગોડ ગિફ્ટ આર્ટીસ્ટ છે. તેને ચિત્રો દોરવા માટે કશો પ્રયત્ન નથી કરવો પડતો. તે પીછી હાથમાં લે એટલે ચિત્રોની જાદુઈ દુનિયા આકાર લેવા લાગે છે..'' હું બોલ્યો.

"આઈ નો, આવી ટૅલેન્ટ બહુ રેર હોય છે. આપણે સમયસર તેની કદર નથી કરી શકતા. દેશને તે કલાકાર માટે વિશ્વ જ્યારે નોંધ લે ત્યારે કે તેના મૃત્યુ પછી અહોભાવ જાગે છે. આટલો મુક્ત પ્રાચીન વારસો ધરાવતા દેશ માટે આનાથી મોટી કમનસીબી બીજી કોઈ ના હોઈ શકે.'' તેમના ચહેરા પર ગ્લાની વર્તાઈ આવી.

નવા મહેમાનો છઝઁ સર પાસે આવી પહોંચ્યા. તેઓ બંને મને 'એક્સક્યુઝ મી' કહી તેમના સ્વાગતમાં વ્યસ્ત બન્યા. હું મીરાને શોધવા લાગ્યો. તે ક્યાંય દેખાતી ન હતી. પાર્ટી ખાસ આમંત્રીત મહેમાનો માટે જ હોય તેવું લાગ્યું. કેટલાંક છોકરાઓ જાણે મહત્વનો પ્રસંગ હોય તેમ સજીધજીને આવ્યા હતા. હું તો જીન્સ અને ટી-શર્ટ પહેરીને ગયો હતો. શહેરની અનેક નામી હસ્તીઓ સાથે પાર્ટીમાં કાકા અને પ્રો. પવન દેસાઈ પણ હતા.

બંગલાનો લોનનો એરિયો ચારેબાજુ લાઈટિંગથી, ફૂલો અને આર્ટિફિશિયલવૉલથી શણગારેલો હતો. લોનના એરીયામાં વચ્ચે કેકનું ટૅબલ ગોઠવાયેલું હતું. એક બાજુ ધીમું સંગીત વાગી રહ્યું હતું. સાથે ડ્રિન્ક સર્વ થઈ રહ્યું હતું. મેં પાર્ટીમાં અજબનો નશો અનુભવ્યો. કશુંક સ્પેશિયલ હોય એવું ફીલ થવા લાગ્યું. સામાન્ય ખેડૂતનો છોકરો થઈને હું શહેરના હૈં માણસો સાથે પાર્ટી માણી રહ્યો હતો.

એટલામાં લોનના ગ્રાઉન્ડની લાઈટો બંધ થઈ. ઘરનો દરવાજો ખૂલ્યો. ગોલ્ડન કલરની લાઈટ ખૂલેલા દરવાજા પર ફોકસ થઈ. મીરા તેની ફ્રેન્ડસ્ સાથે લાઈટના સર્કલમાં ગ્રાઉન્ડ તરફ આવી રહી હતી. બ્લૅક કલરના ડ્રેસમાં તે અપ્સરા કહેવાય તેવી સુંદર લાગતી હતી. હું માની નહોતો શકતો. આટલી સુંદર છોકરી રોજ મારી સાથે કલાસમાં બેસીને ધીંગામસ્તી કરતી. ખરેખર હું નસીબદાર હતો. કૉલ્ડ્રિંક્સનો ગ્લાસ હાથમાં એમ જ રહી ગયો. હું સતત તેને જોઈ રહ્યો હતો. તે હાસ્ય સાથે સુંદરતા વિખેરતી આગળ વધીને કેકના ટૅબલ પાસે પહોંચી. બધી લાઈટો ચાલુ થઈ. બર્થ ડે ગર્લનું બધાએ તાળીઓથી સ્વાગત કર્યું.

કુછ તો ખાસ હે ધરતી પર, તભી યહાં આતી હોગી

તભી તો.... મીરા જેસી હૂર યહાં આતી હોગી.

ખુશનસીબ હોતે હે ઈનકા સાથ પાનેવાલે

જમાને ભી દેખે હે ઈન જેસી હૂર કે લિયે...

અપ્સરાઓં કા પ્યાર ઠુકરાને વાલે.

શાયરના અંદાઝમાં બર્થ-ડે ની મહેફીલ શરૂ થઈ રહી હતી. બધા વાહ વાહ સાથે આફરીન પોકારી ઉઠ્યા. કેકનું ટૅબલ શણગારાઈ ચૂક્યું હતું. મીણબત્તીઓ પ્રગટાવવામાં આવી. મીરાની નજર મારી સાથે મળી. તેની આંખોમાં એક ચમક ઉપસી આવી. હું કાકા સાથે વાત કરી રહ્યો હતો. તેને મને ઈશારાથી પાસે આવવા જણાવ્યું. મને થોડો સંકોચ થતો હતો. બધા છોકરાં મીરાને એકીટશે જોઈ રહ્યા હતા. મે આંખોથી હા પાડીને થોડીવારમાં આવવાનું કહ્યું. તેને એક કાતિલ સ્માઈલ મારી તરફ ફેંકી. હું કાકાના ગ્રૂપની વાતો સાંભળતો આજુબાજુ નજર ફેરવી રહ્યો હતો

ફરીથી બધી લાઈટ બંધ થઈ. બધા ગોળ સર્કલમાં કેક ના ટૅબલ ફરતે ગોઠવાઈ ગયા. શી...શી...ઘડામ... શી...ધૂમ જેવા અવાજ સાથે આકાશ રોશનીથી ઝગમગી ઊઠ્યું. ફટાકડાંઓની આતશબાજી ચાલુ જ હતી. હુ મીરાએ બોલાવ્યો છતાં તેની પાસે નહોતો ગયો. દૂરથી ઉભો ઉભો બધું જોઈ રહ્યો હતો. મીરાએ કેક કાપી ઓરકેસ્ટ્રાના બર્થ ડે સોંગ સાથે મહેમાનો પણ તાલીઓનો તાલ મિલાવી રહ્યા હતા. મીરા કેક કાપીને પહેલાં પોતાના મમ્મી પપ્પાને ખવડાવી. તે બંનેએ પણ મીરાને કેક ખવડાવી. મીરાએ બૂમ પાડી "ક્રિષ્ના પ્લીઝ અહીંયા આવ. આમ શરમાઈને દૂર ના ભાગ.'' બધા તેની વાત સાંભળી હસી પડ્યા. મારે પરાણે જવું પડ્યું.

હાથમાં ગિફ્ટ લઈને હું આગળ વધ્યો. મીણબત્તીઓના આછા પ્રકાશ અને ફટાકડાની આતશબાજીમાં તેનો ચહેરો કોઈ અજબ નૂરથી ચમકી રહ્યો હતો. આંખોમાં મે પહેલીવાર દોસ્તીના બદલે લાગણીના બદલાતાં રંગો જોયા. તેને મને પ્રેમથી કેક ખવડાવી. "હેપ્પી બર્થડે માય બેસ્ટી એન્ટ ડિવાઈને બ્યુટી" સાગરે ગોખાવેલું હું બોલી ગયો. મેં પણ કેકનો એક પીસ તેના મોંમાં મૂક્યો.

તેને પાછું મને મોં ખોલવા કહ્યું આ વખતે તેના હાથમાં મોટો પીસ હતો. તેને મને ખવડાવાને બદલે મારા મો પર કલરની જેમ ચોપડી દીધો. બધાને ખબર હતી આવું થવાનું જ છે. હું એક જ તેની આ ચાલાકી તેના રૂપમાં પાગલ બની સમજી નહોતો શક્યો. બધા ફરીથી તાળીઓ પાડીને હસી પડ્યાં. મીરાએ બધાની વચ્ચે મને ગળે લગાડ્યો. "થેંક્યુ કાના, અહીંયા આવીને મારો બર્થડે સ્પેશિયલ બનાવવા માટે." મેં કંઈ ઉત્તર ના આપતાં તેને બર્થ ડે ગિફ્ટ આપી. અમારી આંખો વચ્ચે પ્રથમ વખત મૌનનો સંવાદ રચાયો. તેની આંખો મારી હાજરીની ખુશીથી ચમકી રહી હતી. ફરીથી તેને કેકના નાના પીસ કાપી મહેમાનોને ખવડાવવાનું ચાલુ કર્યું.

લાઈટો શરૂ થઈ. બીજા છોકરાઓ મને જોઈને ઈર્ષ્યાથી સળગી રહ્યા હતા. મેં અંદર જઈને ફ્રેશ થઈ મોઢું સાફ કર્યું. બહાર આવ્યો ત્યારે ડાન્સ પાર્ટી શરૂ થઈ ચુકી હતી. મીરાના મમ્મી-પપ્પા કપલ ડાન્સ કરી રહ્યા હતા. મીરા તેની બહેનપણી સાથે ઉભી હતી. ઘણા છોકરાઓ તેની સાથે વાત કરવા કે ડાન્સ કરવાની ઓફર કરી રહ્યા હતા. પરંતુ મીરા તેમને વિવેકથી ટાળી રહી હતી. તેને મને ઈશારાથી તેની પાસે આવવા જણાવ્યું.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૯-૦૧-૨૦૨૧, શુક્રવાર, પોષ વદ-૧, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૩૧, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત-૧૨-૩૮ થી ૧૩-૨૨, સુધી ૭-૨૮ થી -ચલ-લાભ-અમૃત-૧૧-૩૭ સુધી, ૧૩-૦૦ થી શુભ-૧૪-૨૩ સુધી, ૧૭-૦૯ થી ચલ-૧૮-૩૨ સુધી, ૨૧-૪૩થી લાભ-૨૩-૨૩ સુધી

**- શુભ હોરા-**

૭-૨૮થી ૧૦-૧૪ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૫ સુધી, ૧૩-૫૬ થી ૧૬-૪૨ સુધી, ૧૭-૩૭ થી ૧૮-૩૨ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

» મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

» કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

» સિંહ(મ.ટ.) :- અચાનક કોઇ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

» કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

» તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.


» મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

» કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

» મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# પશ્ચિમ હોય કે પૂર્વ ભારત : મહાભારત અને રામાયણ આપણી રગોમાં છે





દેવલ શાસ્ત્રી
સંકલન

ભારત એક વિશિષ્ટ ભૂમિ છે. ભારતીય રાષ્ટ્રની પરિકલ્પના હજારો વર્ષોથી આપણી રગોમાં જોડાયેલી છે. આપણી સરહદો બદલાતી રહી છે પણ રાષ્ટ્ર ભૂમિ અખંડ છે.

વિચાર તો કરો...ભગવાન કૃષ્ણ દ્વારકા રહે અને રુકમણી છેક પૂર્વ ભારતમાં....

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકાથી સેના લઈને રુકમણીના સ્વયંવરમાં મણિપુર ગયાં હતાં. આજે પણ અરુણાચલમાં વસતી મિઝો મીશ્તી નામની જનજાતિ પોતાને કૃષ્ણના પત્ની રુકમણીના વંશજ માને છે.

પ્રચલિત દંતકથા અનુસાર રુકમણી અરુણાચલ રાજ્યના ભિષ્મકનગરના રાજકુમારી હતાં. કૃષ્ણ તેમનું અપહરણ કરવા ગયા ત્યારે રુકમણીના ભાઈ રુકમીએ વિરોધ કર્યો હતો.

ભગવાન કૃષ્ણએ સુદર્શન ચક્ર કાઢ્યું. રુકમણીના સમજાવટ બાદ વાળના અર્ધમૂંડનની સજા કરી હતી.

આજ પર્યંત આ ફેશન ત્યાં સ્થાનિક લોકોમાં રહી છે, સેના સહિત અનેક લોકોએ મોડર્ન ફેશન અપનાવી છે.

આપણે આપણી કથાઓ અને કથાનાયકોનો અભ્યાસ છોડી દીધો છે. દિલ્હીમાં આ જ જનજાતિનો છોકરો એક દાયકા પહેલાં હેરસ્ટાઈલ પૂર્વજો મુજબ રાખીને અભ્યાસ કરતો હતો ત્યારે તેના પર હુમલો થઈ ચુક્યો છે.

પૂર્વ ભારતના રાજ્યો મહાભારત, રામાયણ કે અન્ય ગ્રંથો સાથે મજબૂત રીતે જોડાયેલા છેપ.ઉત્તર પૂર્વની વાત લખવાનો હેતુ એટલો જ છે કે આ વિસ્તાર માત્ર રાષ્ટ્રનો ભાગ પૂરતો નહીં પણ હજારો વર્ષોથી લોકકથા અને ધર્મના માર્ગે જોડાયેલો છે, આ મૂળિયા વધુ મજબૂત થવા જોઈએ.

ભગવાન પરશુરામે છેલ્લો વધ કરીને તેમનું ખડગ અરુણાચલ પ્રદેશના લોહિત ક્ષેત્રમાં વહેતી બ્રહ્મપુત્રા નદીમાં ધોઈને ચાર કુંડ બનાવ્યા હતાં. પરશુરામ સાથે જે લોકો યુદ્ધમાં મૃત્યુ પામ્યા તેમનું તર્પણ કર્યું હતું. આ કથાકનો આપણને એ વિસ્તાર સાથે જોડવામાં મદદ કરે છે.

ઉ ત ્ ત ર પૂર્વની સ્થાનિક જ ન જા તિ ન ે પરશુરામે જનોઈ પહેરાવીને બ્રાહ્મણ બનાવ્યા હતા.

મેઘાલયની ખાસી જનજાતિ તિરંદાજીમા નિષ્ણાત માનવામાં આવે છે, તે એકલવ્યની વારસદાર માનતી હોવાથી તિરંદાજીમાં અંગુઠાનો ઉપયોગ કરતી નથી....મેરા ભારત મહાન....

અર્જુનની તો વીર પ્રેમકથાઓ આ વિસ્તારની ધરોહરમાં છે. અર્જુનની એક પત્નીનું નામ ઉલુપી હતું. મ્યાનમાર સરહદ પાસે મણિપુરના ઉરુખુલ જિલ્લાનું નામ ઉલુપી પરથી આવ્યું હોવાનું માનવામાં આવે છે.

આ વિસ્તારના તાંખુલ જનજાતિ લોકો અર્જુન અને ઉલુપીના વંશજ માને છે, આ પ્રજા માર્શલ આર્ટમા નિષ્ણાત છે. એવી પણ કથા છે કે, સ્વર્ગારોહણ દરમિયાન ઉલુપી પણ અર્જુન સાથે હતી....

અર્જુનની બીજી પત્ની ચિત્રાંગદા મણિપુરના મૈત્રેયી જનજાતિની માનવામાં આવે છે, આ સમગ્ર સમાજ વૈષ્ણવ ધર્મનું ચુસ્તપણે પાલન કરે છે.

મહાભારતના કથાકન મુજબ ચિત્રાંગદા સ્વમાની મહિલા છે, અર્જુન તેના પર શંકા કરીને ત્યાગ કરે છે, તો ચિત્રાંગદા બદલો લેવાનું નક્કી કરે છે અને પોતાના સંતાનને અત્યંત શક્તિશાળી બનાવે છે. ચિત્રાંગદાનો પુત્ર વભ્રુવાહન ભીમ અને અર્જુનને હરાવે છે....


આપણા પ્રાચીન ગ્રંથો, લોકકથાઓ અને લોકગીતોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો અત્યંત દૂરના તેમજ સરેરાશ ભારતીય માટે અજાણ્યા વિસ્તારોને રાષ્ટ્રના પ્રવાહમાં જોડી શકાયપહા, આપણી સાવ આસપાસના વિસ્તાર પણ આવા જ કથાકનો સાથે હજારો વર્ષોથી જોડાયેલા છે, પણ સમય જ ક્યાં છે?

### -: મુખવાસ :-

ભારતીય ભાષા હિન્દીમાં માસ્ટર કરવાની શરૂઆત ૧૯૧૯માં કલકત્તા યુનિવર્સિટીથી થઈ. સૌથી પહેલાં એમ.એ. વીથ હિન્દી કરનારા બંગાળી બાબુ નલીની મોહન સાન્યાલ હતાં, તે હિન્દી ભાષાથી એટલા પ્રભાવિત હતાં કે તેમણે માસ્ટર્સની ડિગ્રી ૬૦વર્ષની ઉમરે ૧૯૨૧માં કરી. આ પછી તેમણે હિન્દીમાં પીએચડી કર્યું અને તે પછી એ જ યુનિવર્સિટીમાં રીડર તરીકે સેવા આપી હતી.

નલીની મોહન સાન્યાલ વાસ્તુ, ભાષા, સંસ્કૃત સાહિત્ય, વિજ્ઞાન, જીવની ઉત્પત્તિ, ફિઝિક્સ, ઈશ્વર, સંગીત જેવા અનેક વિષયો પર આર્ટિકલ લખતાં. ભાષા અને શબ્દોની ઉત્પત્તિ પર ભાષાવિજ્ઞાની તરીકે પુસ્તકો લખ્યાં. પહેલીવાર ભારતીય ભાષામાં ફારસી-અરબી શબ્દોના સમાવેશ પર સંશોધનાત્મક લખ્યું. તેમનું સાહિત્ય અને પુસ્તકો માત્ર કલકત્તા નેશનલ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ જ છે.

# થિંક બિફોર એન્ડિંગ



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

કોઈપણ ધ્યેય નક્કી થયા પછી તેને પૂરો કરવા તેની નિશ્ચિત સીમા સુધી પહોંચવા માટે તે રસ્તે ચાલીને ત્યાં સુધી પહોંચવું તો પડે જ. જો અડધેથી જ અટકી જઈએ તો અચિવમેન્ટ તો દૂર પણ ઈન્વેસ્ટ કરેલા સમયનું વળતર પણ લિમિટ કરતા ઓછું મળે. આ બધું ઘણીવાર આપણે બધા જાણતા હોવા છતાં નાની નાની વાત જેને કન્ટીન્યુ રાખવાથી માન્યામાં ન આવે તેવું પરિણામ મળવાનું હોય તેમ છતાં આવા સમયે કોઈપણ કામ કે મંઝીલને પૂર્ણવિરામ મૂકવાનું આપણે સૌ વિચારતા હોઈએ છીએ. છોડી દેવાનું કારણ કોઈપણ હોય તેનાથી મંજીલને કે અન્યને કોઈ ફેર નથી પડતો. આપણે ચાલવાનું મૂકી દઈએ તેનાથી રસ્તાએ પણ પોતાનો પટ્ટો સાંકળો કરી નાખ્યો હોય આવું ક્યારેય સાંભળ્યું છે ? નહિ ને !

જ્યારે કોઈપણ નવું કામ શરૂ કરવાનું આવે તે પહેલાં ઘણા સપનાંઓ જોયા હોય છે આપણે, કે આમ કરવાથી આ સરસ થઈ જશે ને પેલું પણ આમ થશે તેમ થશે આવું ઘણું બધું સમજી વિચારીને જ કોઈપણ કામ થતું હોય છે ને આ જ સપનાઓ સાથે મંઝિલની શરૂઆત પણ થાય છે પરંતુ ખબર નહિ હજી અડધો રસ્તો કપાય ન કપાય ત્યાં તો આપણે થકી જઈએ ત્રાસી જઈએ અને હવે બસ થઈ ગયું આવા ઘણા વિચારો આવે ને હવે તો ગિવ અપ કરવાના હજાર કારણો પણ આપણને મળી જાય આ જ બધા કારણોથી બિલકુલ ઉલટું કરીએ તો એવું આખું લિસ્ટ મળી રહે જેને વિચારીને જ આપણે આ ધ્યેય પૂરું કરવાનું કામ હાથમાં લીધું હોય

અને આખરે તો આપણે કોઈપણ કામ પોતાની અને પરિવારની પ્રગતિ માટે જ કરતા હોઈએ છીએ તેમ છતાં ઘણીવાર કોઈપણ કારણોસર હારી થાકીને જ્યારે ગીવ અપ કરવાનો વિચાર આવે ત્યારે માત્ર બે જ મુદ્દા વિચારવાથી આઉટ થઈ ગયેલા ટ્રેક પર ફરીથી ચઢી શકાય છે. પહેલું તો એ કે જે કામ આપણે હાથમાં લીધું ત્યાર પહેલા શું વિચારીને આપણે આ કામ હાથમાં લીધું હતું અને બીજું એ કે જે તે કામ પૂરું કર્યા પછી આપણને શું મળવાનું છે ? આ ટેક્નિકથી ફરીથી ફ્રેશ અને સુખદ લાગણીનો અનુભવ થાય છે જેનાથી લો થઈ ગયેલી આપણી બેટરીને રિચાર્જ કરી શકાય છે.

જેને કોઈપણ વાતમાં ગિવ્ અપ એટલે કે બધું છોડી-મૂકી દેવાનો વિચાર આવતો હોય તે બધા માટેનો રામબાણ ઈલાજ એ કે મનને એવી રીતે વાળવું કે ક્યારેય કોઈ કામથી હારવાનો વખત જ ન આવે જેના માટે સમજણ અને મક્કમતા હોવી જરૂરી છે. છોડી દેવું એ કોઈ બાબતનો ઉકેલ ક્યારેય હોય જ ન શકે ઉલટું અધવચ્ચેથી છોડી દેવાથી સમય, શક્તિ અને તકનો બગાડ થાય ઉપરાંત આવા બગાડની ખોટ તેમજ બીજી ઘણી બાબતોને સહન કરવાની તૈયારી રાખવી પડે, તૈયારી પણ જો હોય તોય એક સમયે આવો વિચાર તો આવે જ કે સાલું આના કરતા પહેલાંનું જ કામ કન્ટિન્યુ રાખ્યું હોત તો સારું થાત.. આવું બધું પાછળથી વેઠવું ન પડે એટલા માટે જ અત્યારથી "જાગતે રહો..."

ડોન્ટ કવિટ DON'T QUIT ને છૂટું પાડીએ તો કંઈક આવું બને.. DO NT QU IT

DO IT. ડોન્ટ કવિટ એ શબ્દ પોતે જ એવું કહે છે કે ડુ ઈટ એટલે કરો અને કવિટ ન કરો. ટૂંકમાં કહીએ તો જ્યારે પણ અધૂરું રાખીને છોડી દેવાનું મન થાય ત્યારે જે તે કામ શરૂ કરવા પાછળનો હેતુ શું હતો અને તે કામને પૂર્ણ કર્યા પછી શું પ્રાપ્ત થવાનું છે ? આ બે સવાલ પોતાને જ પૂછી જાત પાસેથી જવાબ મેળવવો અને જે જવાબ મળશે તે તે જ આપણને ગમે તેટલો કઠિન માર્ગ હોવા છતાંય વધારે આગળ ચાલવાનું પ્રેરક બળ તો ચોક્કસથી આપશે જ. પછીથી આ જવાબને સ્મૃતિમાં રાખીને તેને અનુસરીને આગળ વધવાનું ચાલુ રાખવું.

# મિરારોડના જવેલર્સની દુકાને રિવોલ્વરની ધાકે લૂંટના કેસમા ત્રણ આરોપીઓ ઝબ્બે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

મિરારોડમા ૭ જાન્યુઆરીના બપોરના સમયે દિન દહાડે જવેલર્સની દુકાને ગ્રાહક બનીને આવેલા ચાર જણે રિવોલ્વરની ધાકે સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલિસ કમિશ્નરેટ બન્યા બાદ પ્રથમ બનાવ બનતા પોલિસ માટે આ બનાવ એક ચેલેન્જ બની ગઈ હતી. સૂત્રો દ્વારા જાણવા મળે છી કે પોલિસે લખનૌમાથી ૩ આરોપીઓને તાબામા લઈને ૩૦ લાખની કિમતના દાગીના જપ્ત કર્યા છે.

મિરારોડના શાંતિનગર ૧૧મા આવેલ એસ.કે. કુમાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની સોના ચાંદીના દાગીનાની જવેલર્સની દુકાનમા ૭ જાન્યુઆરીની બે વાગ્યાની આસપાસ જવેલર્સની દુકાનના સ્ટાફના કેટલોક સ્ટાફ જમવા ગયો હતો, તો અમુક જણ ગ્રાહકોને દાગીના બતાવતા હતા, ત્યારે અચાનક ચાર જણ ગ્રાહક બનીની દુકાનમા પ્રવેશ્યા હતા.તેઓએ દાગીના જોયા બાદ પેમેન્ટ ચૂકવવા બેગ ખોલી તેમાથી રિવોલ્વર કાઢી હતી.

રિવોલ્વર્રની ધાક બતાવી સોનાના દાગીનાની લૂંટ ચલાવી ભાગી ગયા હતા. પોલિસે સીસીટીવી તપાસતા બે બાઈક પર ચાર જણ જવેલર્સની દુકાનમા આવ્યા હતા. લૂંટ બાદ એક બાઈક પાર બે જણ ભાગી ગયા હતા,જ્યારે બીજુ બાઈક ચાલુ ન થતા એક જણ સ્ટેશન તરફ ચાલતો જતો હતો, જ્યારે બીજો બાઈક ચાલુ કરવાનો પ્રયાસ કરતો હતો, ઘટના સામયે દુકાનની બહાર હાજર યુવકને શંકા જતા તે બાઈક વાળા પાસે જતા રિવોલ્વાર બતાવી તે પણ દોડીને ભાગી ગયો હતો. પોલિસને ઘટનાની જાણ થતા તરત જ ડિસીપી અમિત કાળે ઘટના સ્થળે સ્ટાફ સાથી પહોચ્યા હતા. આશરે દોઢ કરોડના સોનાના દાગીનાની ચોરી થયાનું જાણવા મળે છે.

સૂત્રો દ્વારા મળેલ માહિતીને આધારે ત્રણ આરોપીઓની લખનૌથી પોલિસે તાબામા લીધા છે. પરંતુ પોલિસ સ્ટાફ હાલમા તે લૂંટારાઓને લઈને મિરારોડ આવેલ ન હોવાથી પોલિસ સૂત્રો માહિતી આપવાથી દૂર રહ્યા છે.

# વસઈમા અનધિકૃત બાંધકામ તોડવા ગયેલ પાલિકાની ટીમ પર હુમલો

## વાલિવ પોલિસે કંપનીના છ જણને તાબામા લઈ ગુનો દાખલ કર્યો

ચક્રવાત ટીમ,મુંબઈ ૨૮

વસઈ પૂર્વમા રસ્તા વચ્ચે બાંદેલ અનધિકૃત બાંધકામ તોડવા ગયેલ પાલિકાના કર્મચારીઓ પર લોખંડના રોડ તેમજ પથ્થરો વડે કંપનીના કર્મચાર્રીઓએ હુમલો કર્યો હતો. હુમલામા જેસીબી ચાલક ઘાયલ થતા વાલિવ પોલિસે ગુનો નોંધી કંપનીના છ કર્મચારીઓને તાબામા લીધા છે.

વસઈ પૂર્વમા વાલિવમા આવેલ ઈન્ટરટેક ટેકનોલોજી કંપનીમા બુધવારે બપોરે ૩ વાગે વસઈ વિરાર પાલિકાના આસિસ્ટંન્ટ કમિશ્નર રાજેન્દ્ર કદમ તેમની ટીમ સાથે રસ્તા વચ્ચે બાંધેલ અનધિકૃત બાંધકામ તોડવા ગયા હતા. ત્યારે કંપનીના કર્મચારીઓ દ્વારા પાલિકાની ટીમ પર પથ્થરમારો કરવામા આવ્યો હતો.તેમજ જેસીબી પર લોખંડના રોડ વડે હુમલો કરી કાચ તોડવામા આવ્યા હતા અને જેસીબી ચાલક અબ્દુલ ખાન પર લોખંડના રોડ વડે હુમલો કરતા ઘાયલ થયો હતો.પાલિકાના સ્ટાફ દ્વારા વાલિવ પોલિસમા કંપનીના કર્મચારીઓ વિરુધ્ધ ફરિયાદ કરતા ગુનો નોંધવામા આવ્યો હતો. વાલિવ પોલિસ સ્ટેશનના પીઆઈ વિલાસ ચૌગલેએ માહિતી આપતા જણાવ્યુ છે કે સરકારી કર્મચારીઓ પર હુમલો કરનાર કંપનીના છ કર્મચારીઓને તાબામા લઈ તેઓ વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો છે.

# ભિવંડી એમઆઈડીસીમાં ડાઈંગ કંપનીમાં આગ, કરોડોનું નુકસાન



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

ભિવંડીમાં આગની મોસમ શરૂ થઈ ગઈ છે. ભિવંડી તાલુકાના સરવલી એમઆઈડીસી વિસ્તારમાં રંગ બનાવતી કંપની કપિલ રેયોન ઈન્ડિયા પ્રા.લિ.મા આગ લાગી હતી.. ફાયર બ્રિગેડના છ વાહનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને આગને કાબૂમાં લેવા પ્રયાસો ચાલુ કર્યા હતા. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. કંપનીમાં આગ રાતના ૨.૩૦ વાગ્યે લાગી હતી. તે સમયે, કંપનીના ૩૦ થી ૪૦ કામદારો સમયસર બહાર આવ્યા અને પોતાનો જીવ બચાવ્યો. આગ કંપનીની બે માળની બિલ્ડિંગમાં લાગી હતી. કંપની પાસે કાચા કપડા અને તૈયાર કાપડ તેમજ યાર્નનો મોટો સ્ટોક હતો. ઉપરાંત, બંને માળ આગની જ્વાળાઓમાં ભરાયેલા હતા અને કંપની આગમા ખાક થઈ ગઈ હતી. પરિણામે આ સ્થળે કરોડો રૂપિયાનું નુકસાન થઈ ગયું છે. દરમિયાન, અગ્નિશામક દળ આગને કાબૂમાં લેવા માટે પ્રયાસ કરી રહ્યા હતા.. પરંતુ પાણીની તંગી સમસ્યા નડી હતી.. ફાયરના ૬ ટ્રક આગને કાબૂમાં લેવા સ્થળ પર દોડી ગયા હતા અને કલ્યાણ, થાણે અને એમઆઈડીસી ફાયર બ્રિગ્રેડની મદદ લેવામાં આવી હતી. ઘણા બધા ધુમાડો પ્રસરતા આગ બુઝાવવામા તકલીફ ઉભી થતી હતી.

# કપિલ શર્મા સાથે છેતરપિંડી, કાર ડિઝાઈનર દિલીપ છાબરીયાની બહેનની ધરપકડ





ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાંચે છેતરપિંડીના કેસમાં કાર ડિઝાઈનર દિલીપ છાબરીયાની બહેન કંચનની ધરપકડ કરી છે. કંચન દિલીપ છાબરીયા ડિઝાઈન પ્રા.લિ.ના સીઈઓ છે. આ મામલો હાસ્ય કલાકાર કપિલ શર્માના ૨૦૧૭મા વેનિટી વેનના ઓરથી સંબંધિત છે.

કપિલ શર્માએ દિલીપ છાબરીયા અને તેની કંપની સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. બાદમાં તેની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. કપિલે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨૦૧૭ માં વેનિટી વાન ડિઝાઈન કરવા દિલીપ છાબરીયાની કંપનીને રૂ. ૫ કરોડ ૭૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. પરંતુ આ વેનિટીવાન હજી મળી નથી. આ કેસમાં કંપનીના સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ નિહાલ બજાજની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચના ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટએ બુધવારે (૨૭ જાન્યુઆરી) એક રેસ્ટોરન્ટમાંથી કંચનની ધરપકડ કરી હતી. અધિકારીઓએ કહ્યું કે કંચન સતત ધરપકડથી બચવાનો પ્રયાસ કરી રહી હતી. આખરે, પોલીસે તેણીનું લોકેશન શોધી કાઢયું અને મરીન ડ્રાઈવ નજીકની એક રેસ્ટોરન્ટમાંથી તેની ધરપકડ કરી. તેને અને નિહાલ બજાજને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટને મળેલી બાતમીના આધારે ગત મહિને દિલીપ છાબરીયાની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે ૧૦૦ કરોડના નાણાકીય ગોટાળા સહિત ત્રણ કેસ નોંધાયા છે. તેમણે બનાવેલા ઘણા વાહનો જુદા જુદા આરટીઓમાં બનાવટી નોંધણી થઈ હતી અને ખોટા દસ્તાવેજોના આધારે નાણાકીય કંપનીઓ પાસેથી રૂપિયા ઉધાર લીધા હતા. આ સિવાય ચેન્નાઈના એક વ્યક્તિએ રૂ. ૨૫ કરોડ અને કપિલ શર્માની રૂ .૫.૭ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

# જુહના બિલ્ડરના જોડિયા પુત્રનું અપહરણ કરી એક કરોડની માંગણી

## બિલ્ડરના ડ્રાયવરે પુત્રીના લગ્ન માટે અપહરણ કર્યુ બે જણની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૮

પુત્રીનાં લગ્ન માટે રૂપિયાની જરૂર હોવાથી ડ્રાઈવરે જ જૂહુના બિલ્ડરના ડ્રાયવરના પુત્રીના લગ્ન માટેના ખર્ચ માટે જોઈતા રૂપિયા માટે માલિકના જોડિયા પુત્રોનું કથિત અપહરણ કરી એક કરોડ રૂપિયાની માગણી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બન્ને પુત્ર સાથે પોતાનું પણ અપહરણ કરાયું હોવાનું ડ્રાઈવરનું જૂઠ્ઠાણું ઉઘાડું પડતાં પોલીસે ડ્રાઈવર સહિત તેના સાળાની પણ ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ જૂહુમાં રહેતા બિલ્ડરના ૧૦ વર્ષના જોડિયા પુત્ર અંધેરી પશ્ર્ચિમમાં મનીષ નગર ખાતે ટેનિસ ક્લાસમાં જવા માટે સોમવારે સવારે ડ્રાઈવર સાથે કારમાં નીકળ્યા હતા. ડ્રાઈવરે પોલીસને આપેલી માહિતી અનુસાર તેમની કારને રસ્તામાં રોકી અજાણ્યો શખસ જબરદસ્તી કારમાં ઘૂસ્યો હતો. ચાકુની ધાકે બાનમાં લઈ તેણે ત્રણેયને દવા પીવા આપી હતી. ત્યાર બાદ બન્ને બાળકના હાથ ચિકટપટ્ટી વડે બાંધી દેવાયા હતા. કાર ક્રોમા મૉલ નજીક પહોંચ્યા બાદ એક બાળકને રસ્તાને કિનારે પાર્ક સ્કૂલ બસમાં બાંધવામાં આવ્યો હતો, જ્યારે બીજા બાળક સાથે તેને જૂહુ પીવીઆર નજીક લઈ જવામાં આવ્યો હતો. ત્યાં હાજર ત્રણ બાઈક પર સવાર છ શખસે તેની મારપીટ કરી હતી. થોડે દૂર લઈ ગયા બાદ અપહરણકારો ફોન પર કોઈની સાથે વાતચીતમાં વ્યસ્ત હતા ત્યારે પોતે ભાગી જવામાં સફળ થયો હતો. ત્યાં તે સીધો પોલીસ સ્ટેશને આવ્યો હોવાનું ડ્રાઈવરે પોલીસને કહ્યું હતું. બે બાળકના અપહરણની ફરિયાદને પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને ડ્રાઈવરે જણાવેલા સ્થળો પર પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. એક બાળક જૂહુ પીવીઆર સિનેમા નજીકથી મળી આવ્યો હતો, જ્યારે બીજો બાળક પોતાને છોડાવી ક્રોમાના કર્મચારી પાસે મદદ માગવા ગયો હતો. પોલીસ ત્યાં પહોંચે તે પહેલાં એ બાળક તેના પરિવારજનો પાસે સહીસલામત પહોંચી ગયો હતો. પોલીસને ડ્રાઈવરની માહિતીમાં કેટલીક વિસંગતિ જણાતાં તેની આકરી પૂછપરછ કરાઈ હતી. ડ્રાઈવરે કરેલી કબૂલાત મુજબ પુત્રીનાં લગ્ન માટે રૂપિયાની જરૂર હોવાથી તેણે આ યોજના બનાવી હતી. આ માટે આઠ દિવસ અગાઉ દિલ્હીથી સાળાને બોલાવ્યો હતો અને તેને ખંડણીની રકમમાંથી ૫૦ ટકા આપવાની લાલચ આપી હતી. બન્ને બાળકને ઊંઘની ગોળી આપવામાં આવી હતી. જોકે એક જ બાળકે ગોળી પીધી હતી, જેને પગલે તે સૂઈ ગયો હતો. એ બાળકને સ્કૂલ બસમાં છોડી દીધો હતો. બાદમાં આરોપીઓએ ઈન્ટરનૅશનલ કૉલ ઍપનો ઉપયોગ કરી બાળકોની માતાને કૉલ કર્યો હતો અને એક કરોડ રૂપિયાની માગણી કરી હતી. પોલીસનું કહેવું છે કે અપહરણમાં સંડોવાયેલો ડ્રાઈવરનો સાળો પોલીસ કાર્યવાહીના ડરથી બાળકને પીવીઆર સિનેમા નજીક છોડી ફરાર થઈ ગયો હતો. બાદમાં તેને મલાડના મઢ ખાતેથી પકડી પાડવામાં આવ્યો હતો. બન્ને આરોપીને કોર્ટે ૧ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

# મુંબઈમાં ૩૫ લાખની બનાવટી નોટ સાથે ચાર આરોપી ઝડપાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૭

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ સાત દ્વારા ચાર આરોપીઓની અટક કરી તેઓ પાસેથી ૩૫ લાખ રૂપિયાની કિમતની બનાવટી ભારતીય ચલનની નોટો તેમજ નોટો છાપવા માટેની સાધન સામ્રગીઓ જપ્ત કરી છે. ઘાટકોપર ક્રાઈમ બ્રાન્ચ યુનિટ સાતના પીઆઈ મનિષ શ્રીધનકરને માહિતી મળી હતી કે વિક્રોલીમા પ્રવિણ હોટલ પાસે એક આરોપી ૨૬ જાન્યુઆરીએ નકલી નોટ લઈને આવવાનો છે. પોલિસે તે સ્થળે જાળ બિછાળીને બપોરે ૧૨.૩૦ વાગે આવેલ બે આરોપીઓની ઝડતી લેતા તેઓ પાસેથી ૨,૮૦,૦૦૦/- રૂપિયાની નકલી નોટો મળી આવી હતી. આરોપીએ આપેલ માહિતીને આધારે તેના પાલઘર જિલ્લાનાવાડાના ઘરે પોલિસે જઈને તપાસ કરતા ૩૨,૫૪,૦૦૦/- રૂપિયાની નકલી૨,૦૦૦/-, ૫૦૦/-, ૨૦૦/- અને ૧૦૦/- રૂપિયાની નકલી છાપેલી નોટો મળી અવી હતી. પોલિસે ટોટલ ૩૫,૫૪,૦૦૦/-ની કિમતની નોટ સાથે પ્રિન્ટર, સ્કેનર, પેપર, શાહીની બોટલ તેમજ અન્ય સાધ સામ્રગીઓ જપ્ત કરી હતી. ચારેય આરોપીઓને કોર્ટમા રજૂ કરતા ૩ ફેબ્રુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.

# ઉત્તર પ્રદેશ જવાનો ઈનકાર કરનારી લિવ-ઈન-પાર્ટનરના પુત્રનું અપહરણ : આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

લિવ-ઈન-પાર્ટનરે ઉત્તરપ્રદેશ જવાનો ઈનકાર કરતા તેના સાત વર્ષના પુત્રનું અપહરણ કરી ટ્રેનમાં લઈ જવાનો પ્રયત્ન કરનારા આરોપીને પોલીસે પકડી પાડી બાળકને છોડાવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ રિન્કુ સરોજ (૩૫) તરીકે થઈ હતી. તેની સાથે ઉત્તર પ્રદેશ આવવાનો ઈનકાર કરનારી લિવ-ઈન-પાર્ટનરના પુત્રનું સરોજે ૨૪ જાન્યુઆરીએ દીવા ખાતેથી અપહરણ કર્યું હતું. ફરિયાદી મહિલાએ આપેલી માહિતી પરથી પોલીસે પ્રયાગરાજ અને ઈટારસીની ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)નો સંપર્ક સાધ્યો હતો. જીઆરપીએ ઉત્તર પ્રદેશ જનારી ટ્રેનમાંથી સરોજ અને બાળકને તાબામાં લીધા હતા. બાદમાં સ્થાનિક પોલીસ પ્રયાગરાજ પહોંચી હતી અને બન્નેને પોતાના તાબામાં લીધા હતા. આરોપીની ધરપકડ કરી બાળકને તેની માતાને સોંપાયો હતો.

# યુવતી સાથેના સંબંધો તોડવાનો ઈનકાર કરનારા યુવકને માર મારી ટેકરી પરથી ફેક્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ,૨૮

યુવતી સાથેના સંબંધો તોડવાનો ઈનકાર કરનારા યુવકનું કથિત અપહરણ કર્યા બાદ ટૉર્ચર કરી તેને ટેકરી પરથી નીચે ફેંકી દેવામાં આવ્યો હોવાની ઘટના મુંબ્રા ખાતે બની હતી. તલવાર અને લોખંડના સળિયા વડે હુમલો કરીને યુવકને સિગારેટના ડામ પણ દેવામાં આવતાં પોલીસે ૩૦ લોકોના જૂથ સામે ગુનો નોંધ્યો હતો. ફરિયાદી ઓવૈસ અબ્દુલ રહીમ ખાને (૧૮) ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૩ જાન્યુઆરીએ અપહરણ કરાયા બાદ તેના ગુપ્તાંગ પર લાત મારવામાં આવી હતી. ત્યાર બાદ તલવાર અને સળિયા વડે હુમલો કરી તેને ઊંચી ટેકરી પરથી નીચે ફેંકી દેવામાં આવ્યો હતો, એમ મુંબ્રા પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું. ટેકરી પરથી નીચે પડ્યા બાદ પણ યુવકનો જીવ બચી ગયો હતો.

ઘટનાસ્થળે હાજર કોઈએ યુવકના મિત્રોને મદદ માટે ફોન કર્યો હતો. સારવાર માટે યુવકને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે પોલીસે ૩૦ વ્યક્તિ સામે અપહરણ અને ટૉર્ચર કરવા સહિત આર્મ્સ ઍક્ટ અને મહારાષ્ટ્ર પોલીસ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં યુવતીનો પિતા મુખ્ય આરોપી હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસના જણાવ્યા મુજબ ઓવૈસ એક યુવતીના પ્રેમમાં હતો. આ સંબંધનો અંત લાવવા અનેક વાર તેને યુવતીના પિતાએ ચેતવણી આપી હતી. જોકે યુવકે તે ચેતવણીને ગણકારી નહોતી.

# રિમાન્ડ હોમમાં રહેતા બાળકોની મારપીટ

## કર્મચારી સામે ગુનો

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

થાણે જિલ્લાના રિમાન્ડ હોમમા રહેતા ત્રણ બાળકોને મારપીટ કરવા બદલ કર્મચારી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીએ ૧૭ જાન્યુઆરીએ ૯ થી ૧૧ વર્ષની વયના ત્રણ બાળકની મારપીટ કરી હતી, કારણ કે તેઓ રિમાન્ડ હોમના હોલમાં રમી રહ્યા હતા. આની જાણ મેડિકલ ઓફિસરને થયા બાદ બાળકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને ત્યાર બાદ તેમને ઉલ્હાસનગરની હોસ્પિટલમાં મોકલાયા હતા. રિમાન્ડ હોમના સુપરિન્ટેન્ડેન્ટે આ પ્રકરણે વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઈ હજી સુધી કોઈની ધરપકડ કરાઈ ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# આમ આદમી પાર્ટી ગુજરાત-યૂપી સહિત છ રાજ્યોમાં ચૂંટણી લડશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાત સહિત ૬ રાજ્યમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આમ આદમી પાર્ટીએ ૨ વર્ષમાં ૬ રાજ્યમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યુ કે, પાર્ટી આવતા બે વર્ષમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, પ ંજાબ, હિમાચલ પ્રદેશમાં ચૂંટણી લડશે. જેની માટે પાર્ટીએ તૈયારી પણ શરૂ કરી દીધી છે. અન્ય રાજ્યમાં પોતાની પકડ બનાવવા માટે આમ આદમી પાર્ટીએ સ્કૂલમાં શિક્ષણ, વિજળી, સ્વાસ્થ્ય, પાણી જેવા વિષયોને દમદાર રીતે મતદાતાઓ સામે રાખવાની રણનીતિ બનાવી છે. આમ આદમી પાર્ટીએ નવેસરથી ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ગોવા જેવા રાજ્યમાં પોતાની તૈયારી શરૂ પણ કરી દીધી છે. દિલ્હી જળ બોર્ડના ઉપાધ્યક્ષ રાઘવ ચઢ્ઢાને પ ંજાબ અને કાલકાજીના ધારાસભ્ય આતિશીને ગુજરાતનો પ્રભાર સોપ વામાં આવ્યો છે. આ બન્ને નેતા પોત પોતાના પ્રભાર ધરાવતા રાજયમાં છે અને પાર્ટી કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. બિહારના પ્રભારી અને દિલ્હીના બુરાડીના ધારાસભ્ય સંજીવ ઝા જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયાથી બિહારમાં છે. આપ અહી પંચાયત ચૂંટણીથી શરૂઆત કરશે. સંજીવ ઝાએ કહ્યુ, પાર્ટી બિહારમાં યોજાનારી પંચાયત ચૂંટણી પર ફોકસ કરી રહી છે.

# ઈડી દ્વારા યસ બેંકના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર રાણા કપૂરની મની લૉન્ડરિંગના કેસમા ધરપકડ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

ભુતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને યસ બેન્કના મુખ્ય કાર્યકારી અધિકારી રાણા કપૂરની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. રાણા કપૂરને આજે ઈડી દ્વારા ખાસ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે તેને ૩૦ જાન્યુઆરી સુધી ઈડી કસ્ટડીમાં મોકલી આપ્યો છે. મની લોન્ડરિંગના કેસમાં રાણા કપૂરની ધરપકડ કરવામાં આવી છે. આ કેસ એચડીઆઈએલ અને મેક સ્ટાર માર્કેટિંગ પ્રા.લિ. સાથે સંબંધિત છે. ગત વર્ષે માર્ચમાં રાણા કપૂરની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી તે ન્યાયિક કસ્ટડીમાં છે. હવે તેની અન્ય કેસમાં ધરપકડ કરવામાં આવી છે. સોમવારે મુંબઈ હાઈકોર્ટે મની લૉન્ડરિંગ કેસમાં યસ બેંકના સ્થાપક રાણા કપૂરને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ઈડી કપૂર, તેની પત્ની અને તેમની ત્રણ પુત્રીઓની ડીએચએફએલ સંલગ્ન કંપની પાસેથી ૬૦૦ કરોડ રૂપિયા લેવા બદલ તપાસ કરી રહી છે.

# મોડેલિંગની લાલચમા ફસાવી ૧૪ વર્ષની છોકરી પાસે વેશ્યા વ્યવસાય કરાવાયો

## ઇવેન્ટ મેનેજર સહિત ૨ કાસ્ટિંગ ડિરેક્ટરની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

મુંબઈ પોલીસની સમાજ સેવા શાખા દ્વારા બે કાસ્ટિંગ ડિરેક્ટર સાથે એક ઈવેન્ટ મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. બંને કાસ્ટિંગ ડિરેક્ટર પર ૧૪ વર્ષની સગીરાને મોડેલિંગની લાલચ બતાવીને તેની પાસે વેશ્યા વ્યવસાય કરાવવાનો આરોપ મૂક્યો છે.

ચોંકાવનારી વાત એ છે કે, ૧૪ વર્ષીય યુવતીને મોડેલિંગની લાલચ બતાવીને વેશ્યા વ્યવસાયમાં લાવવામાં આવી હોવાના ખુલાસા બાદ મુંબઈ પોલીસની સામાજિક સેવા શાખાએ મોટી કાર્યવાહી કરી છે. આ અંગે અંધેરી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, નાની અને મોટી ટીવી સિરિયલ કે મોડેલિંગના કામ અપાવવાની લાલચમા ફસાવીમાં આરોપી તેની પાસે વેશ્યા વ્યવસાયમાં કરાવતો હતો.

આ ઓપરેશન સામાજિક સેવા શાખા દ્વારા અંધેરી પૂર્વમાં મેકડોનાલ્ડ્સ હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. કાસ્ટિંગ ડિરેક્ટર આશિષ પટેલ, મોહમ્મદ શેખ અને વિનોદકુમાર ગણપતલાલ અજમેરિયાની મુંબઈ પોલીસ સમાજ સેવાની ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ કેસની અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ, પોક્સો અને અન્ય કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદામાં એકંદરે નરમાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૮

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૧૨૫૦ સોદામાં રૂ.૧૨૬૫૦.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈનો માહોલ હતો. માત્ર ગોલ્ડ-ગિનીના વાયદા અપવાદરૂપ વધી આવ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા, જ્યારે મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં હતો. સીપીઓ, કપાસ અને રબરમાં સાર્વત્રિક ભાવઘટાડો ભાવમાં થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૬૬૮૧ સોદાઓમાં રૂ.૫૯૭૯.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૭૯૭ અને નીચામાં રૂ.૪૮૬૪૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૩ ઘટીને રૂ.૪૮૭૬૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૦૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૪૫ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦ ઘટીને બંધમાં રૂ.૪૮૭૭૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૪૬૩ અને નીચામાં રૂ.૬૫૫૦૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩૪ ઘટીને રૂ.૬૬૩૦૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૬૯ ઘટીને રૂ.૬૬૨૫૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૭૪ ઘટીને રૂ.૬૬૨૩૮ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૯૨૧૭ સોદાઓમાં રૂ.૨૯૫૪.૧૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૭૧ અને નીચામાં રૂ.૩૮૨૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯ ઘટીને રૂ.૩૮૬૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૪૦૭ સોદાઓમાં કુલ રૂ.૩૮૪.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૭૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૭૬૦ અને નીચામાં રૂ.૨૦૬૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૪૦ ઘટીને રૂ.૨૦૬૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૬ ઘટીને બંધમાં રૂ.૯૪૬.૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૮૨.૮ અને નીચામાં રૂ.૯૭૪.૩ રહી, અંતે રૂ.૯૭૭.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૮.૫ અને નીચામાં રૂ.૧૧૮૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬.૫૦ ઘટીને રૂ.૧૧૮૯.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૫૯૫૦ સોદાઓમાં કુલ રૂ.૨૬૫૪.૨૧ કરોડ ની કીમતનાં ૫૪૪૦.૪૯૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૦૭૩૧ સોદાઓમાં કુલ રૂ.૩૩૨૫.૭૮ કરોડ ની કીમતનાં ૫૦૪.૦૨૭ ટન, ક્રૂડ તેલમાં ૧૬૩૨૩ સોદાઓમાં રૂ.૧૦૩૪.૪૯ કરોડનાં ૨૬૮૫૧૦૦ બેરલ્સ, કોટનમાં ૯૨૩ સોદાઓમાં રૂ.૮૫.૨૧ કરોડનાં ૪૦૬૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૩૯૭ સોદાઓમાં રૂ.૨૯૪.૪૭ કરોડનાં ૩૧૧૩૦ ટન, મેન્થા તેલમાં ૨૬ સોદાઓમાં રૂ.૨.૯૫ કરોડનાં ૩૦.૨૪ ટન, કપાસમાં ૩૬ સોદાઓમાં રૂ.૯૭.૭૫ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

# વિવા ગ્રુપના કારભારનું રહસ્ય ભંગારમા વેચેલ લેપટોપમાં ફસાયું

## ઈડી દ્વારા ભંગારવાળાની શોધ ચાલુ

ચક્રવાત તીમ, મુંબઈ ૨૮

શુક્રવારે (૨૨ જાન્યુઆરી) ઈડીએ પીએમસી બેંક કૌભાંડ મામલે ધારાસભ્ય હિતેન્દ્ર ઠાકુરના સંબંધીઓના વિવા ગ્રુપ પર દરોડા પાડ્યા હતા. ઓપરેશન બાદ ઈડીએ મેહુલ ઠાકુર અને મદન ગોપાલ ચતુર્વેદીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને ઈડી કસ્ટડીમાં ચાર દિવસની સજા ફટકારી હતી. પૂછપરછમાં મદન ચતુર્વેદીએ કબૂલાત કરી છે કે તેણે પોતાનો એક લેપટોપ ૩૦૦ રૂપિયામાં વેચી દીધો હતો. મદન ચતુર્વેદીએ ઈડીને માહિતી આપી છે કે લેપટોપમાં વિવા ગ્રુપની પ્રવૃત્તિઓનો ડેટા છે. ઈડી હાલમાં વસઈ વિરારમાં થયેલા ભંગાણની તપાસ કરી રહી છે. ઈડીએ શુક્રવારે પીએમસી બેંક કૌભાંડની તપાસના સંદર્ભમાં પાલઘર જિલ્લાના વસઈ વિરારમાં વિવા ગ્રુપ ચાર-પાંચ ઓફિસ પર છાપા માર્યા હતા. ઈડીએ મેહુલ ઠાકુર અને મદન ચતુર્વેદીની ધરપકડ કરી હતી. ત્યારબાદ ઈડી દ્વારા બંનેની પૂછપરછ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે વિવા ગ્રુપના સીએ મદન ચતુર્વેદીએ ઈડી સમક્ષ કબૂલાત કરી હતી કે તેણે મોબાઈલ ફોર્મેટ કરતા કંપનીના તમામ ડેટા લેપટોપમા ટ્રાન્સફર કર્યા હતા.તે લેપટોપ ફક્ત ૩૦૦ રૂપિયામાં ભંગારવાળાને તે લેપટોપ વેચી દીધેલ છે. ઈડીના સૂત્રો દ્વારા જણાવ્યા અનુસાર, ઈડીની ટીમ હાલમાં વસઈ વિરારમા ભંગારવાળાઓની તપાસ કરીને લેપટોપ શોધી રહી છે.

# કરોડો રૂપિયા હડપ કરવા નિવૃત્ત વૃધ્ધ રેલવે અધિકારીનું અપહરણ

## ખીણમાં ફેંકી દેવાયા પછી ૧૨ કલાક બાદ વૃધ્ધ હેમખેમ બહાર આવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

કલ્યાણ પશ્ચિમમાં ખડકપડા વિસ્તારના નિવૃત્ત રેલવે અધિકારી પ્રકાશ ભોઈરને. ગંભીર હાલતમાં કેટલાક નાગરિકોએ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. માલશેજ ઘાટમાં તેનું અપહરણ કરવામાં આવ્યું હતું, તેને માર મારવામાં આવ્યો હતો અને ખીણમાં ફેંકી દેવામાં આવ્યો હતો. તેમણે ૧૨ કલાક પછી હોશમા આવ્યા હતા. અને ખીણમાંથી રસ્તા પર ૩ કલાક ચાલ્યા પછી ,પ્રકાશ ભોઈર કલ્યાણ પહોંચ્યા હતા. સારવાર દરમિયાન પ્રકાશ ભોઈરે જણાવેલ હકિકત સાંભળી પોલીસ ચોંકી ગઈ હતી. પ્રકાશ ભોઈર વૃદ્ધ હોવાથી, તેમની નજીકના શૈલેન્દ્ર ગાયકવાડ તેમની બેંક બાબતોનું દેખરેખનું કામ જોય છે. તેમની પાસે કેટલા ઝવેરાત છે, કેટલા પૈસા છે તેની તમામ માહિતી ભોઈર પાસે હતી. શૈલેન્દ્ર પાસે બેંકનો પાસવર્ડ મેઈલ આઈડી બધું તે ઓપરેટ કરતો હોવાથી સઘળી માહિતી તેની પાસે હતી.છે. જો તમે ભોઈર મૃત્યુ પામે તો તેમની પૂરી પ્રોપર્ટી તેને મળે તેમ હતુ શૈલેન્દ્રએ તેના એક સંબંધી ભરત ગાયકવાડ સાથે મળીને ભોઈરનો કાંટો કાઢવા એક ષડયંત્ર રચ્યું હતુ. આ બંનેએ ૨૫ જાન્યુઆરીએ પ્રકાશ ભોઈરનું અપહરણ કરી માલશેજ ઘાટ લઈ ગયા હતા. ત્યાં તેમને માર મારવામાં આવ્યો હતો અને માથા પર પ્રહાર કરી વાગતા માલશેજ ઘાટની ખીણમા ફેંકી દેવામાં આવ્યો હતો. તે મરી ગયો હોવાનું સમજીને તેઓ નાસી ગયા હતા. જોકે, ભોઈર બચી ગયા હતા.અને બેહોશ થઈ ગયા હતા. પોલીસે આપેલા જવાબના પગલે મહાત્મા ફૂલે પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર નારાયણ બંનકર અને પોલીસ ઈન્સ્પેક્ટર સંભાજી જાધવના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. આઠ કલાકમાં જ પોલીસને શૈલેન્દ્ર અને ભરત પુણેથી મળી આવ્યા હતા. પોલીસે તેની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૨૩ તોલાના દાગીના કબજે કરવામા આવ્યા છે. જો કે, વ્યક્તિ મિલકતની વાસના માટે કયા સ્તરે જઈ શકે છે? આ ઘટનાથી સ્પષ્ટ થાય છે.

# વાશી કોર્ટે રાજ ઠાકરેને ૯ ફેબ્રુઆરીએ હાજર થવાનો આદેશ આપ્યો

## ૨૦૧૪મા મનસે કાર્યકર્તાઓએ વાશી ટોલનાકા પર તોડફોડ કરેલ પ્રકરણ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેને વાશી અદાલતે કોર્ટ સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો છે. રાજ ઠાકરેએ જામીન લીધા ન હોવાથી તેમને ૯ ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર રહેવા આદેશ આપવામાં આવ્યો છે. જસ્ટિસ બડેની કોર્ટમાં સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો. મનસેના કાર્યકરોએ ૨૦૧૪ માં વાશી ટોલનાકા પર તોડફોડ કરી હતી. તે કિસ્સામાં હવે મનસેના પ્રમુખ રાજ ઠાકરેને હવે કોર્ટમાં હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ, રાજ ઠાકરેએ વાશીની એક રેલીમાં ટોલ પ્લાઝા બંધ કરવા અંગે ઉશ્કેરણીજનક ભાષણ કર્યું હતું. તે પછી ગજાજન કાલે કેટલાક કાર્યકરો સાથે મળીને તાત્કાલિક વાશી ટોલનાકા પર તોડફોડ કરી હતી .આ અંગે વાશી પોલીસ સ્ટેશનમાં ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં રાજ ઠાકરે વિરુદ્ધ ૨૦૧૮ અને ૨૦૧૦માં સમન્સ અને વોરંટ પણ જારી કરવામાં આવ્યાં હતાં. તે વોરંટ આજે રદ કરવામાં આવ્યું છે. જોકે, રાજ ઠાકરેને ૯ ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થવાની જરૂર છે. તેથી, રાજ ઠાકરે હવે વાશી કોર્ટમાં હાજર છે કે કેમ તે જોવું મહત્વપૂર્ણ રહેશે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં મનસે પ્રમુખ રાજ ઠાકરેની સુરક્ષા ઓછી કરવામાં આવી છે. રાજ ઠાકરેની ઝેડ લેવલ સુરક્ષા હટાવી દેવામાં આવી છે અને તેમને વાય +સુરક્ષા આપવામાં આવી છે. મનસેના કાર્યકરોએ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમજ રાજ ઠાકરેને સુરક્ષા પૂરી પાડવાની પોલીસની જરૂર નથી, માત્ર મનસેના કાર્યકરો જ રાજ ઠાકરેને સુરક્ષા પૂરી પાડશે એમ મનસેના પદાધિકારીઓ અને કાર્યકરોએ જણાવ્યું હતું.

# ગુજરાત માલધારીસેનાની હેડ ઓફીસનું અમદાવાદ ખાતે ઉદઘાટન




ચક્રવાત ટીમ સુરેન્દ્રનગર, તા.૨૮

આજ થી બે વર્ષ પેહલા આજના જ દિવસે એટલે કે ૨૯ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ ગુજરાતમાં વસતા માલધારીઓ માટે પણ સોનાનો દિવસ કેહવાય. ગુજરાત માલધારી સેના (ગુજરાત પ્રદેશ) ની સ્થાપના ૨૯/૦૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવી હતી માલધારી સેના એટલે કે પશુપાલન સાથે સંકળાયેલ જ્ઞાતિઓને એક કરવા માટેનો એક સફળ પ્રયત્ન, ગુજરાતના દરેક ખૂણે વસતા માલધારીઓને પડતી કોઈ પણ મુશ્કેલીઓના નિરાકરણ, યોગ્ય માર્ગદર્શન અને એમના હકો તથા અધિકારો માટે લડતી એક સામાજિક સંસ્થા છે. આવનાર સમયમાં ગુજરાતમાં માલધારી સમાજની ગણતરી થાય, સંગઠન દ્વારા સમાજમાં શિક્ષણની જ્યોત પ્રજ્વલિત થાય સમાજના યુવાનોને રોજગારીની તકો ઊભી થાય તેવા કાર્યક્રમો કરવામાં આવશે જ્યાં જ્યાં સમાજને જરૂર પડે ત્યાં માલધારી સેના હર હંમેશ સમાજની સાથે છે સમાજ ખૂબ પ્રગતિ કરે તેવી ભગવાન શ્રી કૃષ્ણ ને પ્રાર્થના અને આપ સૌ મિત્રો દ્વારા સંગઠન મજબૂત થાય અને આવનાર સમયમાં સંગઠન થકી સમાજને કઈક સારું આપી શકીએ એવા પ્રયત્નો કરીએ અને એવા વિચારોનો અમલ કરવા આપણે સૌ પ્રતિજ્ઞા લઈને અમદાવાદ ખાતે ગુજરાત માલધારી સેનાની ઓફીસનું ઓપનિંગ કરવામાં આવેલું આ ઓપનિંગમાં ગુજરાતના માલધારી સેના તમામ હોદ્દેદારો હાજરી આપેલ હતી.

# ઉપલેટાના ઢાંક ગામે ચાલતા સાડી ધોલાઈ ઘાટનું કરાયું ડીમોલેશન

## મામલતદાર મહાવદિયા દ્વારા એક સાથે ચાર ગેરકાયદેસર ઘાટને તોડી પાડયા



ચક્રવાત ટીમ ઈમરાનભાઈ, તા.૨૮

ઉપલેટા તાલુકાના ઢાંક ગામે ચાલતા ચાર ગેરકાયદેસર સાડી ધોલાઈ ઘાટનું ઉપલેટા મામલતદાર દ્વારા ભાયાવદર પોલીસને સાથે રાખી અને ડીમોલેશન કરી નાખવામાં આવ્યું. ઢાંક ગામે ભાભલુભાઈ ગોવાળિયા પોતાની જમીન સર્વે નંબર ૭૨૫ ની જમીનમાં એક ૧૨ ખાનાવાળો અને બીજો ૧૮ ખાનાવાળો સાડી ધોલાઈ ઘટ ચલાવતા હતા. જ્યારે અન્ય કાળુભાઈ ચાંદેર પોતાની જમીન સર્વે નંબર ૭૧૦ માં ૧૪ ખાનાવાળો સાડી ધોલાઈ ઘાટ ચલાવતા હતા તેમજ પ્રતાપભાઈ માંકડ પોતાની સર્વે નંબર ૭૦૬,૭૦૭ નંબરની જમીનમાં ૧૬ ખાનાવાળો સાડી ધોલાઈ ઘાટ ચલાવતા હતા.

ઉપલેટા મામલતદાર ગોવિંદજી મહાવદિયા દ્વારા ધોરાજી પ્રાંત અધિકારી ગૌતમ મિયાણીની સૂચના અનુસાર કુલ ચાર સાડી ધોલાઈ ઘાટ તોડી પાડવામાં આવ્યા છે અને સાથે મામલતદાર મહાવદિયા દ્વારા વધુમાં જણાવાયું કે અગાઉ પણ આવા ગેરકાયદેસર સાડી ધોલાઈ ઘાટ ઉપલેટા વિસ્તારમાં તોડી પડાયા છે અને આવતા સમયમાં પણ જો આવા કોઈ પણ કેરકતદેસર ચાલતા સાડી ધોલાઈ ઘાટની માહિતી મળશે અથવા સૂચના મળશે તો તેમને પણ તોડી પાડવામાં આવશે તેવું જણાવેલ હતું.

# સુરેન્દ્રનગરના પાટડીમાં માર્ગ સલામતી વિશે જાગૃત કરાયા



ચક્રવાત ટીમ પાટડી, તા.૨૮

આજરોજ સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાટડી ખાતે પાટડી પોલીસ સ્ટેશન દ્વારા ૩૨ રાષ્ટ્રીય માર્ગ સલામતી વર્ષ ૨૦૨૧ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ટ્રાફિકને લાગતાં નિયમો કાયદાની લોકોને જાગૃત કરવા આવ્યા હતા અને સુચન કરવામાં આવ્યું હતું આ સમયે પાટડી પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ વી.એન.ચૌધરી સાહેબ અને પોલીસ સ્ટાફ અને સ્કુલના બાળકો સાથે બેનર સાથે લોકોને જાગૃત કરી અને ગુલાબનાં ફુલો આપીને લોકોને જાગૃ ત કર્યા હતા અને ટ્રાફિક વિશે કાયદો વ્યવસ્થાની માહિતી આપી હતી.

# સમસ્ત મેમન જમાત સંચાલિત મુસ્લિમ હાઈસ્કૂલમાં ગણતંત્ર દિવસની સન્માનભેર ઊજવણી



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૮

ગણતંત્ર દિવસ નિમિતે મુસ્લિમ હાઈ સ્કૂલ ખાતે ધ્વજ વંદન અને વીર શહીદોનાને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી આ તકે ધ્વજ વંદન નગરપાલિકાના નવા નિમાયેલા કાર્યકારી પ્રમુખ મયુરભાઈ ગોવિંદભાઈ સુવાના વરદ હસ્તે કરવામાં આવ્યું આ તકે સમસ્ત મેમન જમાતના પ્રમુખ હનીભાઈ કોડી મુસ્લિમ હાઈ સ્કૂલ ના ચેરમેન ઈમરાન ભાઈ કાજલિયાવાલા તથા સમસ્ત મેમન જમાત ના કારોબારી સભ્યો સમસ્ત મેમન જમાત ના ટ્રસ્ટીઓ મુસ્લિમ હાઈ સ્કુલના તમામ શિક્ષકો હાજર રહેલ હતા સાથે સાથે અમારા આમંત્રણને માન આપીને પધારેલા મેમન સમાજના મહાનુભાવો, ઉપલેટા નગરપાલિકા ના સદસ્યો, શહેર ભાજપ ના આગેવાનો, શહેર કોંગ્રેસ ના આગેવાનો, ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો, જે.સી.આઈ.ના આગેવાનો, ઉપલેટા શહેરના ડોક્ટરો, મુસ્લિમ એકતા સમિતિની આગેવાનો, લોકશાહી જાગૃ તિ મંચના આગેવાનો, તથા મુસ્લિમ સમાજના આગેવાનો, હાજર રહ્યા હતા.

# ભાયાવદર પોલીસે શહેરમાંથી ૧૨૩ નંગ દારૂની બોટલ સાથે એકને ઝડપી પાડયો



ચક્રવાત ટીમ, તા.૨૮

ભાયાવદર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી રાહે હકીકત મળેલ કે ભાયાવદર ટાઉનમાં ઈંગલિશ દારૂનું વેચાણ થાય છે તેવી હકીકતના આધારે પોલીસ સ્ટાફના માણસોએ રેડ કરતા પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂની અલગ-અલગ કંપનીની કુલ ૧૨૩ નંગ દારૂની બોટલ મળી આવી હતી જે બાદ ભાયાવદર પોલીસે દારૂ સાથે ધર્મેન્દ્રસિંહ હરદેવસિંહ ચુડાસમા રહે. ભાયાવદર તા. ઉપલેટા વાળાને કુલ રૂપિયા ૫૮,૩૫૦/- નો મુદ્દામાલ ઝડપી પાડેલ હતો જ્યારે અન્ય એક ઈસમ રોહિતસિંહ હિતુભા ચુડાસમા રહે. લાઠ ગામ તા. ઉપલેટા વાળાને ઝડપવાનો બાકી હોય જેમાં ભાયાવદર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર કામગીરી કરનારમાં ભાયાવદર પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ એસ.વી. ગોજીયા, હેડ કોન્સ્ટેબલ જયંતીભાઈ મકવાણા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પંકાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયદીપસિંહ ચુડાસમા, મેરૂભાઈ મકવાણા, મહાવીરસિંહ ડોડીયા, વિરમભાઈ ભિંભા, સંજયભાઈ પંચાળા, ધર્મેશભાઈ બાવળિયા સહિતનાઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

# ગોંડલનું સેવાભાવિ ગ્રુપ યુવા શક્તિ ગ્રુપ ગોંડલને બિરદાવાયું



ચક્રવાત ટીમ ગોંડલ, તા.૨૮

ગોંડલનું સેવાભાવિ ગ્રુપ યુવા શક્તિ ગ્રુપ ગોંડલના કાર્યક્રમમાં જામકંડોરણા ગૌ સેવા સમિતીની ટીમે હાજરી આપી હતી. તેમજ યુવા શક્તિ ગ્રુપના સભ્યોની મુલાકાત કરી અને તેમના સેવાકીય કાર્યોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત માલધારી સેનાને એવોર્ડ મળ્યો




ચક્રવાત ટીમ વઢવાણ, તા.૨૮

આજરોજ ગુજરાત માલધારી સેનાનો બીજો સ્થાપના દિવસ હોય ગોલ્ડન વર્લ્ડ ઓફ બુક રેકોર્ડ દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો હોય માલધારી સેના ગોલ્ડન વર્લ્ડ ઓફ બુક રેકોર્ડનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. વૈશ્વિક મહામારી એવી કોરોના કાળમાં જ્યારે વિશ્વના સમગ્ર દેશો પોતાની આર્થિક સંકળામણ નિરાધાર બની ગયા હતા તેવા સમયે ભારતની અંદર ગુજરાત રાજ્યમાં 'ગુજરાત માલધારી સેના' દ્વારા સૌથી લાંબા સમય સુધી જરૂરિયાત મંદ લોકોને ભોજનની સેવા પૂરી પાડી જેની ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તેની નોંધ લીધી જે માલધારી સમાજ માટે ખુબ જ ગૌરવ લેવા જેવી વાત છે. અઢાર લાખ પીસતાલીસ હજાર સાતસૌ છણુ જરૂરિયાત મંદ લોકોને લાંબા સમય સુધી ભોજન સેવા પૂરી પાડી ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ગુજરાત માલધારી સેના એ નામના મેળવી છે.

# સુરેન્દ્રનગરના માનવ ધર્મ આશ્રમ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૨૮

માનવ ધર્મ આશ્રમ રતનપર શાખા ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી રૂપે મહાત્મા પ્રવીણાબાઈજી, સુરેન્દ્રનગર જિલ્લા યુવા વિકાસ પરિષદ પ્રમુખ સુબોધ જોષી, સુરેન્દ્રનગર મહિલા પ્રિન્સેસ કલબ ટ્રષ્ટિ ઉન્નતિ બહેન ધર્મેન્દ્રભાઈ શાહ, અખિલ ભારતીય માનવ અધિકાર નિગરાની સમિતિ સુરેન્દ્રનગર શહેર પ્રમુખ સાગર ચામડીયા, ઉપપ્રમુખ સોમાભાઈ નાકીયા, સોનિયા બ્રિગેડ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ છનાલાલ બજવાણીયા, પ્રતાપભાઈ પરમાર, સુરેન્દ્રનગર-વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ ગિરિરાજસિંહ ઝાલા વિગેરેની ઉપસ્થિતમા ધ્વજ વંદન કરવામાં આવેલ હતું. તેમજ બાળકોને મીઠાઈ વિતરણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે આઝાદીની ચળવળમા શહીદી વહોરનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામા આવી હતી.

# ભાલકા ખાતે આહીર સમાજ દ્વારા ભાજપના નવા નિમાયેલા ભાજપના હોદ્દેદારોનું સન્માન



ચક્રવાત ટીમ, તા.૨૮

ગીરસોમનાથના તીર્થક્ષેત્ર ભાલકા ખાતે આહીર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજવામાં આવ્યો છે, જેમાં ભારતીય જનતા પાર્ટી નવા નિમાયેલા હોદ્દેદારો સન્માન કરવામાં આવ્યું છે જેમાં આહીર સમાજના આગેવાન રઘુ ભાઈ હુંબલની ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે, ગુજરાત ભાજપ પ્રવક્તા ભરત ડાંગર, દ્વારકા જિલ્લાના ભાજપ પ્રમુખ ખીમાં ભાઈ જોગલ, જૂનાગઢ જિલ્લા ભાજપ મંત્રી હિરેન સોલંકી, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ પીઠા ભાઈ નકુમ, ગીરસોમનાથ મહામંત્રી સરમણ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. ગીરસોમનાથ જિલ્લાના પૂર્વ પ્રમુખ અને ભાજપ પ્રદેશમાં મંત્રી ઝવેરી ઠક્કર, ગીરસોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંગ પરમાર, ગીરસોમનાથ મહામંત્રી વજ ભાઈ વાજાનું આહીર સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે, આ તકે પત્રકાર એકતા સંગઠનમાં આહીર સમાજના પત્રકાર રાકેશ પરડવા મહામંત્રી અને પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ હેમલ ભટ્ટનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે મોટી સંખ્યામાં આહીર આગેવાનો અને લોકો હાજર રહ્યા હતા, ભાલપરા ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમ પટાટના નેતૃત્વમાં સન્માન સમારોહ યોજાયો હતો, આ તકે પૂર્વ રાજ્ય નિગમ બીજ રાજસી ભાઈ જોટવા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# ઉપલેટામાં શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે વિકલાંગતા સર્ટિફિકેટ કેમ્પ



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૮

ઉપલેટા, ધોરાજી, જેતપુર તેમજ જામકંડોરણા તાલુકાના દિવ્યાંગ લોકોને અને લાભાર્થીઓ લાભ મળી શકે તે માટે ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે એક સેવા યજ્ઞનું અદકેરું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લાભાર્થીઓને વિકલાંગતા સર્ટિફિકેટ, એસટી પાસ તથા વિકલાંગ સાધન સહાયના ફોર્મ પણ ભરવામાં આવ્યા હતા. આ કેમ્પના ઉદ્ઘાટક તરીકે પોરબંદર મત વિસ્તારના સાંસદ રમેશભાઈ ધડુક દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર માટે અનેકવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ થતી રહે છે ત્યારે આ અંગે ટ્રસ્ટના પ્રમુખ અને સેવાભાવી યુવાન એવા જયેશભાઈ ત્રિવેદીએ જણાવેલ કે જનસેવા અરજ પ્રભુસેવાના ભાગરૂપે પદ્મકુવરબા સરકારી હોસ્પિટલના સહયોગથી દિવ્યાંગોને સિવિલ સર્જન દ્વારા આપવામાં આવતું વિકલાંગતા પ્રમાણપત્ર કેમ્પનું આયોજન ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યું હતું અને આ કેમ્પ ઉપલેટા ખાતે યોજવામાં આવવાને કારણે દિવ્યાંગોની હાલની પરિસ્થિતિમાં અત્યાર સુધી લાભાર્થીઓને પોતાના લાભ મેળવવા માટે રાજકોટ જવું પડતું ત્યારે મુશ્કેલીઓ પડતી અને હાલ મુશ્કેલી ન પડે અને આ લાભાર્થીઓને નજીકમાં સુવિધા મળી રહે અને તેમને મળતી સહાય અંગેના ફોર્મ અરજી નજીકના વિસ્તારમાં જ મળી રહે તે માટે ઉપલેટા ખાતે તેઓએ વિકલાંગતા પ્રમાણપત્ર સહેલાઈથી મળી રહે તેવા શુભ હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભારત સામેની ટેસ્ટ સિરીઝમાં ઈંગ્લેન્ડે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે : કોચ ક્રિસ સિલ્વરવુડ

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૨૭

ઓસ્ટ્રેલિયામાં શાનદાર જીત મેળવીને ટીમ ઈન્ડિયા હવે આવતા મહિને ઈન્ડિયા સાથે ઈંગ્લેન્ડની મેચ યોજાશે આવતા મહિને બંને વચ્ચે ચાર ટેસ્ટ મેચની શ્રેણી રમાશે. શ્રેણીની પ્રથમ બે મેચ ચેન્નાઈમાં અને છેલ્લી બે મેચ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે રમાશે. આ શ્રેણી માટે બંને ટીમોના ખેલાડીઓએ ચેન્નઈ પહોંચવાનું શરૂ કર્યું છે.

ઓસ્ટ્રેલિયાને હરાવીને ઈતિહાસ રચનાર દરેક જણ ટીમ ઈન્ડિયાની પ્રશંસા કરી રહ્યું છે. હકીકતમાં, નિયમિત કેપ્ટન વિરાટ કોહલી પણ ટીમમાં નહોતો અને ખેલાડીઓ ઈજાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં, અજિંક્ય રહાણેની આગેવાનીવાળી યુવા ટીમે શ્રેણી પોતાના નામે ૨-૧થી બતાવી દીધો હતો અને તેમને હરાવવાનું સરળ નથી. ભારતે શ્રેણીમાં શાનદાર વાપસી કરી હતી. ઈંગ્લેન્ડના કોચ ક્રિસ સિલ્વરવુડે પણ આ સ્વીકાર્યું છે. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં શ્રેણી જીતીને ભારતે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન દર્શાવી દીધુ. આવનારી ટેસ્ટ સિરીઝમાં ઈંગ્લેન્ડે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. ફિટનેસ સમસ્યાઓ વચ્ચે અને મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીમાં પણ



ભારતની આ સ્થિતિ હતી તો ઈંગ્લેન્ડ સામે આકરા ચઢાણો હશે તે નક્કી છે.

સિલ્વરવુડે વર્ચુઅલ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીથી તે જાણીતું હતું કે ભારતને હરાવવાનું સરળ રહેશે નહીં. આપણી સામે એક મોટો પડકાર છે. ઈંગ્લેન્ડની ટીમ પાંચ ફેબ્રુઆરીથી શરૂ થનારી શ્રેણીમાં ચાર ટેસ્ટ, પાંચ ટી -૨૦ અને ત્રણ વનડે મેચ રમશે. કોચે કહ્યું કે મને લાગે છે કે અમે તેમને હરાવી શકીશું, પરંતુ મેચ ખૂબ રસાકરી પૂર્ણ હશે. આપણે જાણીએ છીએ કે ભારતીય ટીમ ખાસ કરીને તેમની જ ધરતી પર હોય ત્યારે તેને પરાજિત કરવી ખૂબ જ મુશ્કેલ છે. તે એક શાનદાર પડકાર હશે. આપણે સારા ફોર્મમાં પણ છીએ. ઈંગ્લેન્ડે બે ટેસ્ટ મેચમાં શ્રેણીમાં ૨-૦થી પરાજય આપ્યો છે.

# ઈંગ્લેન્ડના ભારત પ્રવાસ પહેલા જ યુવરાજસિંહે પિટરસનની લગાવી ક્લાસ

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૨૭

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ઓલ રાઉન્ડર રહેલા યુવરાજ સિંહે ઈંગ્લેન્ડના ભારત પ્રવાસ પહેલા પૂર્વ ઈંગ્લિશ કેપ્ટન કેવિન પીટરસનને બહુ ટ્રોલ કર્યો છે. યુવરાજ અને પીટરસન ઘણા સારા મિત્રો છે. પરંતુ સોશિયલ મીડિયા પર બન્ને એકબીજાની મજાક ઉડાવવાનું ચુકતા નથી. તાજેતરમાં જ પીટરસને ઈંગ્લિશ મીડિયાની ટીકા કરતા એક પોસ્ટ કરી હતી, જેમા ઈંગ્લિશ પ્રિમિયર લીગમાં મેંનચેસ્ટર યૂનાઈટેડ અને ચેલ્સીની વર્તમાન સ્થિતિ પર વાત કરી હતી.





યુવરાજસિંહ ઈંગ્લિશ પ્રિમિયર લીગમાં મેંનચેસ્ટર યૂનાઈટેડના ફેન છે, જ્યારે પીટરસન ચેલ્સીના ફેન છે. ઈંગ્લિશ પ્રિમિયર લીગમાં ચેલ્સી અત્યારે ૧૯ મેચોમાં ૨૯ અંકો સાથે પોઈન્ટ ટેબલમાં ૮માં સ્થાને છે. જ્યારે મેંનચેસ્ટર યૂનાઈટેડ ૪૦ અંકો સાથે લીગમાં ટોપ પર છે. પીટરસને ટ્વીટર પર લખ્યું, કેટલાક મહિના પહેલા ચેલ્સી પોઈન્ટ ટેબલ પર પહેલા નંબરે હતી, હવે ઈંગ્લિશ મીડિયાના મેનેજર લેન્પાર્ડની પાછળ પડી છે. કેટલાક મહિના પહેલા મીડિયા મેંનચેસ્ટર યૂનાઈટેડના મેનેજર પાછળ પડી હતી. હવે મેંનચેસ્ટર યૂનાઈટેડ નંબર વન પર છે તો ઠીક છે. આ દેશમાં ઈંગ્લિશ મીડિયાને પહોંચી વળવું મુશ્કેલ છે.

યુવરાજસિંહે તેના જવાબમાં મસ્તી કરતા કહ્યું, આર યૂ હર્ટિંગ બેબી (શું તમે તેનાથી દુખી થયા છો). જણાવી દઈએ કે યુવરાજે તેમની છેલ્લી મેચ વેસ્ટઈન્ડિઝ સામે ૨૦૧૭ માં રમી હતી, ત્યાર બાદ ૨૦૧૯માં તેમણે આતંરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો હતો. યુવરાજે ભારત તરફથી ૪૦ ટેસ્ટ, ૩૦૪ વન ડે અને ૫૮ ટી ટ્વીન્ટી મેચ રમ્યા હતા. યુવરાજે વન ડે માં ૩૬.૫૫ની એવરેજથી ૮૭૦૧ રન બનાવ્યા હતા, જેમા ૧૪ સદી અને ૫૨ અડધી સદી સામેલ છે. સાથે યુવરાજે વન ડેમાં ૧૧૧ વિકેટ પણ લીધી છે.

# પ્રિયંકા ચોપરાએ કબુલીને કહ્યું કે મને લાગતું હતું કે ડાર્ક સ્કિન સુંદર નથી હોતી

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

પ્રિયંકા ચોપરાને ભૂતકાળમાં ફેરનેસ ક્રીમને સપોર્ટ કરવાનો અફસોસ છે. તેના જણાવ્યા મુજબ, તેને લાગતું હતું કે ડાર્ક સ્કિન સુંદર નથી હોતી. પ્રિયંકાની બુક 'અનફિનિશ્ડ' રિલીઝ માટે તૈયાર છે જેમાં તેણે પોતાના જીવન અને કરિયરની ઘણી ઘટનાઓ અને ઓબ્ઝર્વેશન વિશે જણાવ્યું છે.

તેની બુક ફેબ્રુઆરીમાં પબ્લિશ થશે. પોતાની બુકમાં પ્રિયંકાએ એન્ટરટેનમેન્ટની દુનિયામાં પોતાના ૧૦ વર્ષના લાંબા કરિયરના અમુક ઓબ્ઝર્વેશન, પર્સનલ કિસ્સા અને સ્ટોરીને કમ્પાઈલ કરી છે. તેણે જણાવ્યું કે તે પહેલાં ફેરનેસ ક્રીમને સપોર્ટ કરતી હતી અને તેને તે વાતનો ઘણો અફસોસ છે.

પ્રિયંકાએ કહ્યું કે, 'સ્કિન લાઈટનિંગ' સાઉથ એશિયામાં ઘણી સામાન્ય વાત છે, તેને ઘણા મોટા પાયે કરવામાં આવે છે. હકીકતમાં જો તમે ફિલ્મ એક્ટર હોય તો આ કરવું ઈન્ડસ્ટ્રીમાં એક ચેક માર્ક હોય છે. પણ મારા માટે આ ઘણું બિહામણું હતું. હું બાળપણમાં ફેસ પર ટેલ્કમ પાઉડર ક્રીમ લગાવતી હતી કારણકે મારું માનવું હતું કે ડાર્ક સ્કિન સુંદર નથી હોતી. પ્રિયંકાએ આ પહેલાં ૨૦૧૫માં આ જ મુદ્દે વાત કરી હતી જ્યારે બરખા દત્તે તેને આ બાબતે પૂછ્યું હતું.

ત્યારે તેણે કહ્યું હતું કે, 'મને આ ઘણું ખરાબ લાગ્યું, માટે મેં તે બંધ કરી દીધું.' 'મારા બધા કઝીન રૂપાળા છે, હું શ્યામ પેદા થઈ ગઈ છું કારણકે મારા પિતા શ્યામ હતા. મારા પંજાબી પરિવારવાળા મને 'કાલી, કાલી, કાલી' કહીને ખીજવતા હતા. ૧૩ વર્ષની ઉંમરે હું ફેરનેસ ક્રીમ લગાવવા ઈચ્છતી હતી અને ઈચ્છતી હતી કે મારો રંગ બદલી જાય.'

# વિરાટ કોહલી કેપ્ટન છે અને રહેશેઃ રહાણેની સ્પષ્ટતા

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭


ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણીમાં ઐતિહાસિક વિજયમાં પોતાની કેપ્ટનશીપથી દિલ જીતનાર અજિંક્ય રહાણેની ચારેકોર પ્રશંસા થઈ રહી હતી ત્યારે પોતાની કેપ્ટનશીપને લઈને અને વિરાટ કોહલીને લઈને પોતાની વાત રજૂ કરી હતી. ખેલાડીએ કહ્યુ કે તેની ટીમનો કેપ્ટન વિરાટ કોહલી છે અને રહેશે.ટીમમાં ઉપ-કેપ્ટન રહેશે. જ્યારે વિરાટ નહોતો ત્યારે ટીમની જવાબદારી લેનાર રહાણે કહે છે ટીમમાં તેનું સ્થાન યોગ્ય જ છે.

૫ ફેબ્રુઆરીથી ઈંગ્લેન્ડ સામે રહાણે ફરીથી ટેસ્ટ સિરીઝમાં ઉપ-કેપ્ટન રહેશે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ ફરી ઉપ-કપ્તાન પદ સંભાળ્યા પછી તેના માટે શું અલગ હશે? રહાણેએ કહ્યું, 'કોઈ ફર્ક પડ્યો નહીં. વિરાટ ટેસ્ટ ટીમનો કેપ્ટન હતો અને રહેશે. હું ઉપ-કેપ્ટન છું. જ્યારે વિરાટ ન હતો અને મારું કામ ત્યારે મને કેપ્ટન્સી આપવામાં આવી હતી. મારૂ કામ હતુ ટીમ ઈન્ડિયાને સફળતા અપાવવી અને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવુ. વિરાટ કોહલી સાથેના તેના સંબંધ વિશે તેણે કહ્યું કે, 'હું અને વિરાટ હંમેશાં સારા સંબંધથી જોડાયેલા છીએ. તેણે સમયાંતરે મારી બેટિંગની પ્રશંસા કરી છે. અમે ટીમ માટે ભારત અને વિદેશમાં ઘણી યાદગાર ઈનિંગ્સ રમી છે. તે ચોથા નંબર પર અને હું પાંચમાં સ્થાને છુ.

# કિસાન આંદોલનને સપોર્ટ કરતા લોકોને જેલમાં ધકેલો : કંગના

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

થોડા સમય પહેલાથી દેશના કિસાનો નવા કૃષિ કાયદા વિરૂદ્ધ આંદોલન કરી રહ્યા છે. આજે પ્રજાસત્તાક દિવસે સરકાર વિરૂદ્ધ કિસાનોએ ટ્રેક્ટર માર્ચ યોજી, ત્યારબાદ કેટલીક જગ્યાઓ પર હિંસા-તોડફોડના સમાચાર સામે આવ્યા. આ ઘટના બાદ કંગના રનૌતે આ હિંસાની કેટલીક તસવીરો શેર કરવાની સાથે પોતાને લઈ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. કંગના રનૌતે એક કિસાનનો ફોટો શેર કરી પોતાનું દુઃખ સોશિયલ મીડિયા પર વ્યક્ત કર્યું છે. જેમાં તેણે લખ્યું છે કે, તેને ખેડૂતો વિરૂદ્ધ બોલવાનું ભારે પડ્યું છે. કંગના રનૌત આ



આંદોલનનો શરૂઆતથી જ વિરોધ કરી રહી છે. જ્યારે આ આંદોલન હિંસક બન્યું, ત્યારે તેણે તેના વર્તણૂક વિશે સત્ય કહ્યું છે. કંગના રનૌતે આ ખુલાસો કર્યો છે કે, ખેડૂતો વિરૂદ્ધ બોલવા પર તેના ૬ બ્રાન્ડ સાથેના કરાર રદ થઈ ગયા છે. કંગનાએ તેના ટ્વીટમાં લખ્યું છે કે, મારી સાથે ૬ બ્રાન્ડના કોન્ટ્રાક્ટ કેન્સલ કરવામાં આવ્યા અને કહ્યું મેં ખેડુતોને આતંકવાદી કહ્યા છે તેથી તેઓ મને બ્રાન્ડ એમ્બેસડર નહીં બનાવી શકે. આજે હું દરેક ઈન્ડિયનથી કહેવા માંગુ છું જેઓ આ હિંસાનું સમર્થન કરી રહ્યા છે. તેઓ પણ એક આતંકવાદી છે, તેમાં એન્ટી નેશનલ બ્રાન્ડ્સ પણ સામેલ છે. ત્યારબાદ કંગના ચુપ રહી નહીં અને તેણે આંદોલનના સપોર્ટ કરતા સેલિબ્રિટીઝ પર નિશાન સાધ્યું છે. આ ઉપરાંત એક અન્ય ટ્વીટ પણ કર્યું જેમાં તેણે લખ્યું છે. તમારે આ વાત સમજવી પડશે પ્રિયંકા ચોપડા અને દિલજીત દોસાંઝ. આજે આખી દુનિયા આપણને જોઈને હસી રહી છે. તમે આ જ ઈચ્છતા હતા. અભિનંદન.

# જૈકલિન ફર્નાંડિસ હોલિવૂડમાં ડેબ્યુ કરવાની તૈયારીમાં



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

પ્રિયંકા ચોપરા, દીપિકા પાદુકોણ બાદ હોલિવૂડ ડેબ્યુ લિસ્ટમાં વધુ એક બોલિવૂડની અભિનેત્રીનું નામ જોડાઈ ગયું છે. એક્ટ્રેસ જૈકલિન ફર્નાંડિસ ફિલ્મ વુમન સ્ટોરીઝથી હોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. ફિલ્મ વુમન સ્ટોરિઝમાં અલગ અલગ ઓનરની ૬કહાની હશે જેમા એક સ્ટોરીમાં જેક્વેલિન ફર્નાંડિસ હશે. આ ફિલ્મનું નિર્દેશન લીના યાદવ કરી રહી છે. લીના યાદવ આ પહેલા પાર્ચ્ડ, રાજમાં ચાવલ અને તીન પત્તી જેવી ફિલ્મ બનાવી ચુકી છે. સામે આવી રહેલા રિપોર્ટ અનુસાર જૈકલિનના પાર્ટનું નામ શેયરિંગ અ રાઈડ છે.

તેમા તે ટ્રાન્સજેન્ડર મોડેલ અંજલિ લામાના રોલમાં જોવા મળશે. વુમન સ્ટોરીઝનુ શૂટિંગ ઈટાલી, ભારત અને અમેરિકામાં થશે. ફિલ્મને લૈંગિક સમાનતાને પ્રમોટ કરનારી સંસ્થા વી ટૂ ટૂગેદર સપોર્ટ કરી રહી છે. જેકિલન આ પહેલા ૨૦૧૫માં આવેલી બ્રિટિશ ફિલ્મ ડેફિનિશન ઓફ ફિયરમાં કામ કરી ચુકી છે. જે હોરર-થ્રિલર હતી. ૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ દિલ્હી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં દેખાડવામાં આવી હતી.

૨૦૦૯માં ફિલ્મ અલાંદીનથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર એક્ટ્રેસ જેકલિન બોલિવૂડની ટોપ એક્ટ્રેસમાની એક છે. જેકલિન મોડલિંગથી ફિલ્મી દુનિયામાં પ્રવેશી હતી. બોલિવૂડ પ્રોજેક્ટની વાત સાથે બચ્ચન પાંડેમાં કામ કરી રહી છે. તો બીજી તરફ પણ જેકલિન જોવા મળશે. જેકલિન ફિલ્મ ભૂત કરીએ તો અક્ષય કુમાર જોન અબ્રાહમની અટેકમાં પોલીસનો પણ ભાગ છે.

# સની લિયોનીએ શેર કર્યો ક્રિકેટ રમતો વીડિયો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

બોલીવુડ એક્ટ્રેસ સની લિયોની આજકાલ સ્પોર્ટી મૂડમાં જોવા મળી રહી છે. ફૂટબોલ બાદ એક્ટ્રેસે ક્રિકેટમાં હાથ અજમાવ્યો છે. સનીએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો. તેણે પોતાના કેપ્શનમાં ઈંગ્લેન્ડ સામે રમવાનો ઈશારો કર્યો. સની લિયોનીએ શેર વીડિયોમાં કેપ્શન આપ્યું કે, 'શું હું ઈંગ્લેન્ડનો સામનો કરવા માટે પોતાની કિટ પેક કરી લઉં'. તમે પણ જુઓ સનીનો આ વીડિયો. સની લિયોનીએ ગત સપ્તાહે સોશિયલ મીડિયા પર જણાવ્યુ હતું કે 'સ્પ્લિટ્સ વિલા ૧૩' પર કામ શરૂ કરવા માટે કેરલ માટે ઉડાન ભરી રહી છે. સની લિયોનીએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું હતું, હું જલ્દી જ કેરલ માટે રવાના થઈ જઈશ કારણ કે સ્પ્લિટ્સવિલાની શુટિંગ થવા જઈ રહી છે. આ એક એવો શૉ છે જે મારા દિલની ખૂબ નજીક છે. હું ૨૦૧૪થી તેનો હિસ્સો રી છું. સ્પ્લિટ્સવિલાની શુટિંગ ઘરે પરત આવવા જેવુ છે. આ શૉને શરૂ કરવા માટે હવે વધુ રાહ નથી જોઈ શકતી. એક્ટ્રેસે ગત મહિને શહેરમાં પોતાના પ્રથમ કાલ્પનિક વેબ શૉ 'અનામિકા'ના પહેલા શિડ્યુલની શરૂઆત કરી હતી. સીરીઝ વિક્રમ ભટ્ટ દ્વારા નિર્દેશિત છે. સ્પ્લિટ્સવિલાની ૧૩મી સીઝન સનીના શૉના સાતમા વર્ષ સાથે જોડાઈ જશે.

**થોડા સમયમાં કેરલ શુટીંગ માટે થશે રવાના**

# વર્કઆઉટ દરમ્યાન મલાઈકા અરોરાના દેખાયા સ્ટ્રેચ માર્ક્સ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

સ્ટ્રેચ માર્ક પ્રેગ્નન્સીનું ખૂબ જ નેચરલ આઉટકમ છે, મલાઈકા હાલ વર્કઆઉટ માટે જતી હતી ત્યારે સ્પોટ થઈ હતી જો કે તેમણે આ સમયે બિન્દાસ્ત અંદાજમાં તેમના પેટ પરના સ્ટ્રેચ માર્કસને ફ્લોન્ટ કર્યો હતા. તેમની આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. મલાઈકાની આ તસવીર સોશિયલ મીડિયામાં પોસ્ટ થયા બાદ કેટલા નેટિજ્સે તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. જો કે કેટલાક લોકોએ તેમને એવું કહીને પણ સપોર્ટ કર્યો કે, આ બહું જ નેચરલ છે. મલાઈકાની આ તસવીર ત્યારે ખેંચવામાં આવી હતી. જ્યારે વર્કઆઉટ માટે જઈ રહી હતી. મલાઈકાના સ્ટ્રેચ માર્કસ પર કેટલાક યુઝર્સે કમેન્ટ કરી છે. લખ્યું'' ટમી સે બુઢાપા દીખ ગયા'' એક અન્ય યુઝરે લખ્યું, '' હવે દેખાઈ રહી છે વધુ ઉંમરની'' જો કે કેટલાક યુઝર્સે તેમને સપોર્ટ કરતા લખ્યું કે, ''એમાં શું મોટી વાત છે'' યુઝરે લખ્યું કે, ''આ લોકો મલાઈકાની બિચિંગ કરી રહ્યાં છે પણ જેનિફર લોપેઝ અને જેનિફર એનિસ્ટનની પ્રશંસા કરે છે. પાખંડ તેની ઉંચાઈ પર છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તાજેતરમાં જ મલાઈકા અરોરાએ સોશિયલ મીડિયા પર જાણકારી આપી હતી કે તે ટૂંક સમયમાં બ્યૂટી, હેર, અને હેલ્થ સેશનને હોસ્ટ કરશે. જે પ્રી રેકોર્ડેડ સેશન હશે. જેમાં તેના ફેન્સ બ્યૂટી રિલેટેડ સલાહ લઈ શકશે.

**મોટા શહેરોનાં વર્ષો જૂના બસ સ્ટેન્ડના સ્થાને નવા અદ્યતન સુવિધા આપવાના બહાને વ્યાપારિકરણ કરાયું**

# રાજકોટ બસપોર્ટમાં થાળી ભાંગી વાટકો કરતા મુસાફરો મુશ્કેલીમાં

## નવા બનાવાયેલ બસ મથકોમાં એસ.ટી. સ્ટાફ, મુસાફરો તથા આસપાસના વેપારીઓ અને વાહન ચાલકોની મુશ્કેલી વધશે

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૮

રાજ્યમાં વર્ષોથી મોટા શહેરોમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના બસ (એસ.ટી.) સ્ટેન્ડન આધુનિકરણના રૂપકડા નામ સાથે રાજ્ય સરકાર દ્વારા જૂના બસ મથકો તોડી પાડી નવા અદ્યતન સુવિધા ધરાવતા બસ મથકો (એરપોર્ટ જેવા) બનાવી વ્યાપારિકરણ કરી એસ.ટી.તંત્ર અને મુસાફરોને અન્યાય કરેલ છે.

રાજ્યના મુખ્ય શહેરોમાં શહેરની મધ્યમાં આવેલ બસ મથકો તત્કાલિન સરકાર દ્વારા શહેરીજનોની સુવિધા અર્થે વિશાળ જગ્યા સાથે તે સમયના મુસાફરો બસની આવન જાવન ઉપરાંત પાંચ દશકા સુધી કોઈ મોટી સમસ્યા ન ઉદભવે તેવું આયોજન બનાવી તૈયાર કરાયેલ હતા.

વર્ષો પસાર થઈ જવા છતાં જૂના બસ મથકો ખાતે કોઈ મોટી સમસ્યાઓ ઉદ્દભવતી ન હોવા છતાં આધુનિકરણનાં ઓઠા હેઠળ બસ મકો તોડી પાડી (એક માત્ર વડોદરાને બાદ કરતાં) સરકાર દ્વારા નવા બહુમાળી બસ મથકોનું નિર્માણ કરી બસ સ્ટેન્ડને બસ પોર્ટના રૂપકડા નામ અપાયા. બસ મથકોને વિમાન મથક જેવા વર્ણવવામાં આવ્યા. વિમાન મથક ખાતે વિમાનોની ચોક્કસ નિયંત્રીત આવન જાવન હોય છે. પરંતુ બસ મથકોમાં દરરોજની હજ્જારો બસની આવન જાવન થતી હોય એ વાત વખાણ કરતા સમયે વિસરી જવામાં આવેલ.

રાજ્યનાં મુખ્ય શહેરોમાં આવેલ બસ મથકની અબજો રૂપિયાની જમીન પર મોટા માથાઓનો ડોળો હતો. જેને સાર્થક કરવા દોડવું તુ ને ઢાળ મળ્યોને અનુરૂપ બનાવવા ખાનગીરકરણના નામે પાછલા બારણે વ્યાપારિકરણ કરી દેવાયું. નવા સર્જન પામેલા આધુનિક બસ મથકો બનાવતા પહેલા સરકારનાં નેતાઓ-અમલદારોએ (ઘણા અમલદારનાં વિરોધ વચ્ચે) જે ભરપેટ વખાણો કરેલ તે મોટા ભાગે નિષ્ફળ અને ખોટા સાબિત થઈ રહ્યા છે.

જૂની અમૂલ્ય જમીન પર ખાનગી ભાગીદારીના નામે તૈયાર કરાયેલ બસ મથકોમાં મુસાફરોની સુવિધાઓ, બસની આવન જાવન (આજની સ્થિતીએ)ની સંખ્યા, બહારથી આવતી બસોનાં પાર્કિંગ તેમજ ડ્રાઈવર-કન્ડક્ટર માટેના આરામગૃહ સહિતની અસંખ્ય સુવિધાઓ લાઈટની પ્રકાશીત ઝાકઝમાળમાં દબાવી દેવામાં આવેલ છે.

રાજકોટ બસ મથક નવ નિર્માણ પૂર્વે વિભાગ-૧ તથા વિભાગ-૨માંથી ૯૦૦ જેટલી બસોનું સરળતાપૂર્વક સંચાલીત થતું હતું. મુસાફરોની સગવડ જળવાય રહેતી હતી. તે સમયે પણ બસ મથકના અંદર તથા બહારના દરવાજા પાસે અવારનવાર ટ્રાફિક જામ થતો હતો. ત્યારે હવે અત્યંત સાંકડી જગ્યામાં બસપોર્ટ બનેલ હોવાથી આ બસ મથકમાં સામસામે બે-ત્રણ બસ આવી ચડે તો કઈ બસ નીકળે તે સમસ્યા ઉભી થઈ પડે છે.

રાજકોટ બસ સ્ટેન્ડનું નવનિર્માણ શરૂ થયું ત્યારે કામચલાઉ બસ મથક શાસ્ત્રીમેદાન ખાતે કાર્યરત કરાયું હતું. તેની તંત્રએ આપેલ અવધિ પૂર્ણ થતાં નવા બસપોર્ટના લોકાર્પણના એક વર્ષ બાદ આ બસ મથક તત્કાળ ખસેડવા તંત્ર સરકારે આદેશો આપતાં રાજકોટ એસ. ટી.નાં અમલદારો દ્વારા બે દિવસના સમયગાળામાં શાસ્ત્રી મેદાન ખાલી કરવાની કવાયતનાં ભાગરૂપે શાસ્ત્રીમેદાનમાંથી ચાલતી બસોને બસપોર્ટ ખાતે ખસેડવા નિર્ણય કરતાં બસપોર્ટમાં આજ સુધી માંડ માંડ મયાદિત શહેરોની બસ સુવિધા ચાલતી હતી તેવામાં દુષ્કાળમાં અધિક માસ જેવી સ્થિતી ઉદભવી છે.

નવું બસપોર્ટ નિર્માણ પામ્યા બાદ તંત્ર તથા સરકારને જગ્યા મામલે થાળી ભાંગી કાથરોટ કરવા જતાં વાટકાનું સર્જન થઈ ગયાનું સમજાતાં હવે નવું વધુ એક બસ મથક માધાપર નજીક નિર્માણ કરવાની કાર્યવાહી હાથ ધરી બસપોર્ટ ખાતે ઉભા થઈ રહેલ બસો તેમજ મુસાફરોના ભારણની સમસ્યા હળવી કરવા હાથ ધરેલ છે. જેમાં પણ બકરૂં કાઢતાં ઉંટ ઘૂસે તેવી સ્થિતીનું ચોક્કસ તંત્ર મુસાફરો તથા એસ. ટી. સ્ટાફ માટે સર્જનાર છે.

# માળીયા ફાટક નજીક ગમખ્વાર અકસ્માતમાં બાઈકસ્વારો ચાર પરપ્રાંતિય યુવાનોના મોત

(જી.એન.એસ.)મોરબી,તા.૨૮

મોરબી નજીક માળીયા ફાટક ચોકડી પાસે આજે સવારના ચારેક વાગ્યાના અરસામાં પાંચ સવારી બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતા ચાર યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા છે જ્યારે એક વ્યક્તિને ઈજા થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે મળતી માહિતી મુજબ રાજસ્થાનથી રોજગારી માટે મોરબીમાં ચારેય યુવાનો આવેલ હતા અને આજે વહેલી સવારે પીપળી



રોડ ઉપરથી એક યુવાન બાઈક લઈને લેવા માટે આવ્યો હતો ત્યારે તેના બાઈકને અજાણ્યા વાહને હડફેટે લેતા ચાર યુવાનોના મોત નિપજ્યા છે જેથી કરીને પોલીસે આ બનાવની નોંધ કરીને અકસ્માત સર્જી નાસી છુટેલા વાહન પકડવા માટે અને ફરિયાદ લેવા માટે તેને તજવીજ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો પ્રમાણે મોરબી માળિયા ફાટક ચોકડી પાસે આજે સવારે જ્યારે એક જ બાઈક લઈને પાંચ યુવાનો જતા હતા ત્યારે તેના બાઈકને અજાણ્યા વાહન દ્વારા હડફેટ લેવામાં આવ્યું હતું તેથી કુલ મળીને ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે. જેમાં બે સગા ભાઈ શિવાજી પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૯), સુરેશ પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૮), તેજારામ વક્તરામ ગામેતી (ઉંમર ૧૭), અને શિવાજી પ્રતાપભાઈ ગામેતીનો સાળો જેની (ઉંમર ૧૯) આમ કુલ મળીને ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.

# જામનગરમાં ભૂમાફિયા જયેશ પટેલના સાગ્રિતો દ્વારા યુવાન ફાયરિંગ : ચારેય આરોપીઓ ફરાર

જામનગર,તા.૨૮

જામનગરના ઈવા પાર્ક વિસ્તારમાં આજે સવારે પટેલ યુવાન પર અજાણ્યા શખ્સોએ ફાયરીંગ કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનું સનસનીભરી ઘટના પ્રકાશમાં આવતાં પોલીસ સહિત સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જાગી હતી. પોલીસે તાકિદની અસરથી ઘટના સ્થળ અને ઈજાગ્રસ્ત યુવાનના પરિવારના નિવેદન અને સી.સી.ટી.વી. કેમેરાના આધારે ઝીણવટભરી તપાસ કર્યા બાદ કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલે ફાયરીંગ



કરાવ્યું હોવાનું સનસનીખેજ ખુલાસો થવા પામ્યો હતો. પોલીસે તમામ વિગતો મેળવ્યા બાદ ભૂમાફિયા જયેશ પટેલ સહિત ચાર સામે ગુન્હો નોંધી આગળની તપાસ યુધ્ધના ધોરણે હાથ ધરી છે. જો કે, પોલીસે સમગ્ર જિલ્લાની નાકાબંધી કરી દીધી છે. અને પટેલ યુવાન પર ફાયરીંગ કરાયેલા ચારેય શખ્સોના ખાસ સગડ મળ્યા હોવાની બાબત જાણવા મળે છે. જયારે બીજી બાજુ ઈજાગ્રસ્ત પટેલ યુવાનને જી. જી. હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર બનાવે શહેરભરમાં તરેહ તરેહની ચકચાર જગાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના ઈવાપાર્કમાં આજે સવારે પોતાની સાઈટ પર હાજર એક બિલ્ડર પર બે મોટરસાયકલમાં ધસી આવેલા ચાર અજાણ્યા શખ્સે બે રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. હુમલાખોરોની રીવોલ્વરમાંથી વછૂટેલી એક ગોળી બિલ્ડરના જડબામાં ઘૂસી જતાં તેનું ઓપરેશન હાથ ધરાયું છે.

# વાહ રે વિકાસ.... ગુજરાતની ૭૯૮ સરકારી તથા ૧૪૮૭ ખાનગી શાળાઓમાં ઈન્ટરનેટ જ નથી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૮

રાજયની ૯૪૩ સરકારી અને ૩૨૪૦ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ સેવા ભારત સંચાર નિગમ લીમીટેડ દ્વારા પ્રથમ તબક્કામાં પુરી પાડવામાં આવી છે અને ૩૧ નવેમ્બર સુધીમાં ૧૪૫ સરકારી અને ૧૭૫૩ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ઈન્ટરનેટ સેવા પુરી પાડી છે. આથી જે શાળાઓમાં ભારત સંચાર નિગમ લીમીટેડ સેવા પુરી પાડી શકી નથી તેવી ૭૯૮ સરકારી અને ૧૪૮૭ બિન સરકારી અનુદાનિત શાળાઓને જે તે જિલ્લામાં સૌથી સારી ઈન્ટરનેટ સેવા પુરી પાડતી એજન્સી મારફતે શાળા કક્ષાએ સેવાઓ મેળવવાની ગ્રાન્ટ જે તે શાળાને ફાળવવાનો નિર્ણય કમિશ્નર ઓફ સ્કૂલ્સ દ્વારા કરવામાં આવ્યો છે. કમિશનર, શાળાઓની કચેરીના નાયબ નિયામકે રાજયના જિલ્લા શિક્ષણાધિકારીઓને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, આ યોજનામાં માત્ર સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવશે. જો કોઈ કારણસર યાદીમાં/યોજનામાં સમાવિષ્ટ શાળા બંધ થાય કે પછી બંધ હોય અથવા યોજનામાં જોડાવવા ન માંગતી હોય તેની જાણ તેના સ્થાને સમાવવાની થતી શાળની વિગતો શિક્ષણ વિભાગને કરવાની રહેશે. આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ કનેકશન ઈન્સ્ટોલ કરવા સહિત શાળા દીઠ માસિક મહત્તમ ૧૨૫૦ રૂપિયા ચૂકવી શકાશે. શાળા જે તે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઈન્ટરનેટ સેવા પ્રોવાઈડરની સર્વિસ સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઈન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે.

# ભાવનગર જિલ્લામાં બર્ડફલુનો પ્રથમ કેસ નોંધાતા ફફડાટ

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૮

રાજ્યનાં અનેક જિલ્લામાં બર્ડફલુના કિસ્સાઓ સતત નોંધાતા રહ્યા છે. ભાવનગર જિલ્લાનાં મહુવા તાબાના ગુંદરાણા ગામે ગત સપ્તાહમાં ૨૦ થી વધુ મરઘા મૃત્યુ પામેલ જેના સેમ્પલનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જિલ્લા પશુ પાલન વિભાગ દ્વારા તકેદારીનાં જરૂરી પગલાઓ ભરવામાં આવી રહ્યા છે.ગત સપ્તાહે મહુવા નજીક આવેલા ગુંદરાણા ગામે ૨૦ થી વધુ મરઘાનાં શંકાસ્પદ મોત નિપજતાં પશુ ચિકિત્સકો-પશુપાલન વિભાગ દ્વારા બર્ડફલુની શંકા હોવાથી મૃત પશુઓના નમૂના વિશેષ તપાસઅર્થે લેબોરેટરીમાં મોકલાયા હતાં જેનો રીપોર્ટ હકારાત્મક આવતાં તંત્ર દ્વારા સાવચેતીનાં પગલાઓ વચ્ચે મહુવા આસપાસના વિસ્તારમાંથી પશુ-પક્ષીઓની હેરફેર પર પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે. આ ઘટના બાદ સમગ્ર જિલ્લામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ૪ ફેબ્રુઆરીએ ઔવેસી ગુજરાતની મુલાકાતે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીને સત્તાવાર રીતે ગુજરાતના રાજકારણમાં ઝંપલાવવાની જાહેરાત કરી છે. ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ આવનારી અમદાવાદ મ્યુનિ. સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પોતાના ઉમેદવારો ઊભા રાખશે. જેને લઈને અસદુદ્દીન ઓવૈસી ૪ ફેબ્રુઆરીએ ગુજરાત આવશે અને અમદાવાદ તેમજ ભરૂચમાં ચૂંટણી પ્રચાર કરશે. સાથે જ ભરૂચમાં બીટીપીના છોટુ વસાવા સાથે બેઠક કરશે.


દ્વિતીય વાર્ષીક પુણ્યતિથીએ

શ્રદ્ધાંજલિ



સ્વ. કાંતિલાલ બાબુભાઈ ચુડાસમા

સ્વ.તા. ૨૯/૦૧/૨૦૧૯, વિક્રમ સવંત પોષ વદ-૯

પરમકૃપાળુ પરમાત્મા દેવતુલ્ય આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના

નિમુબેન કાંતિલાલ ચુડાસમા

રૂષિકા કાંતિલાલ ચુડાસમા

મધુવન સોસાયટી, કોડીનાર, ગીર સોમનાથ (ગુજરાત)


# પત્રકારો- અખબારોને પરેશાન કરવાની સરકારની નીતિ સામે એબીપીએસએસ મેદાનમાં

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૨૮

ગુજરાતમાં પોતાના લઘુ અખબારો ચલાવી રહેલ અને પત્રકારત્વના માધ્યમથી સ્થાનિક સમસ્યાઓને વાચા આપતા હજારો અખબાર માલિકોને મુશ્કેલીમાં મુકી દેતી સરકારની નીતિ સામે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા સંમેલન બોલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા અખબારના સંચાલકોને પત્ર પાઠવી ટૂંકી મહેતલમાં ન્યુઝ પ્રિન્ટનાં બીલો રજુ કરવાનો તેમજ બીજી વિગતો રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે જેના કારણે અખબારના પ્રકાશકો માં મોટાપાયે રોષ ફાટી નીકળ્યો છે. સોના કરતાં ઘડામણ મોંઘું જેવી આ પ્રક્રિયાથી સ્થાનિક સમસ્યાઓને વાચા આપતા અખબારો મુશ્કેલીમાં મુકાઈ શકે છે. માહિતી ખાતાદ્વારા મોટા અને નાના અખબારો સાથે ભેદભાવપૂર્ણ વહેવાર દાખવી રહ્યા હોવાનો પણ પત્રકારોએ આક્ષેપ કર્યો છે ત્યારે એકને ગોળ તેમજ એક ને ખોળ ની નીતિ સામે પત્રકારોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રવર્તમાન સમયમાં અખબારનો નિભાવ કરવો એ ખુબ જ મુશ્કેલ કાર્ય હોય અને તેમાં પણ



સરકાર તરફથી અવારનવાર વિવિધ ફતવો બહાર પાડી સ્થાનિક પત્રકારોને પરેશાન કરવામાં આવી રહ્યા હોય વિવિધ જિલ્લાઓમાંથી પત્રકારો દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશ કાલાવડિયા સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી જેના અનુસંધાને ABPSS ની કોર ગ્રુપની ઓનલાઈન યોજાયેલ મિટિંગમાં આ પ્રશ્ને સરકાર સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરવાનો અને જો આ બાબતે સરકાર હકારાત્મક અભિગમ નહી દાખવે તો ગાંધીનગર માં સમગ્ર ગુજરાતનાં પત્રકારોનું મહાસંમેલન યોજીને બંધારણીયમાર્ગે આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. સમગ્ર ગુજરાતના અખબાર પ્રકાશકો, તંત્રીઓ આ બાબતે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ સાથે રહીને પોતાની વાજબી માંગો માટે ગાંધીનગર માં ધામાં નાખશે તેવી આજરોજ જાહેરાત કરવામાં આવી છે.


ધોરણ ૯ થી ૧૨ માં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે

એક પણ રૂપિયાની ફી લીધા વગર દિકરીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ સરકારી શાળા

ગુજરાતની એક માત્ર સંપૂર્ણ ડિજીટલ સરકારી શાળા

• વિશાળ પ્લેગ્રાઉન્ડ • અદ્યતન કોમ્પ્યુટર લેબ • વિશાળ લાઈબ્રેરી •

• દરેક કલાસરૂમમાં વિશાળ અને ડિજીટલ કોમ્પ્યુટર બોર્ડ •

• ક્વોલીફાઈડ અને પ્રેમાળ શિક્ષકગણ • સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ •

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત

SNGH

શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ

૨, અંબાજી કડવા પ્લોટ, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ

આચાર્યા શ્રીમતી સોનલબેન ફળદુ : મો. ૯૨૨૮૨૭૪૬૯૫